@Gujratimagazines

લઈને...અગિયારમી દિશા

(ગઝલસંગ્રહ)



VISIT…

@Gujratimagazines

@Gujratimagazines

લઈને....અગિયારમી દિશા

(ગઝલસંગ્રહ)

પાર્થ ખખ્ખર, મોહસીન મીર "સ્પર્શ", મેહુલ ભટ્ટ, ભાવેશ શાહ,
ટેરેન્સ જાની "સાહેબ", મેહુલ પટેલ "ઈશ",
મગન મકવાણા "મંગલપંથી", ચિરાગ ઝા "ઝાઝી",
કાંતિ વાછાણી, યોગેન્દુ જોષી "યોગ",
અનંત રાઠોડ "અનંત"

સંપાદક
યોગેન્દુ જોષી અમદાવાદ

@Gujaratimagazines

લઈને....અગિયારમી દિશા

Laine....Agiyarmi Disha : A collocation of Gujarati Gazals written by Parul Khakkhar, Mohsin Meer, Mehul Bhatt, Bhavesh Shah, Terrence Jani, Mehul Patel, Magan Makvana, Chirag Jha, Kanti Vachhani, Yogendu Joshi, Anant Rathod

પ્રથમ આવૃત્તિ : ફેબ્રુઆરી ૨૦૧૩

© જે તે સર્જકના

મૂલ્ય : રૂ. ૧૧૧.૦૦

એક ઉદ્દેશ : લઈને...અગિયારમી દિશાનો ઉદ્દેશ ગઝલને લોકો સુધી પહોંચાડવાનો છે, એટલે આ ગઝલસંગ્રહથી એકત્ર થતી સર્વે રકમ ગુજરાતી સાહિત્યનાં ઉત્થાન માટે વપરાશે.

આવરણ : લેઆઉટ/ટાઈપ સેટિંગ
કાંતિ વાછાણી - વાપી
મો. ૯૪૨૬૮૧૨૮૮૩

મુદ્રક :
ડિઝાઈનસેટ,
૧૦૯, રોયલ ચેમ્બર્સ,
જી.આઈ.ડી.સી. ઓફિસની બાજુમાં,
ચાર રસ્તા, વાપી-૩૯૬ ૧૯૫
ફોન :૦૨૬૦ ૨૪૩૧૮૭૭

સંપાદક
યોગેન્દુ જોષી
એ૧/૪૦૩, કામધેનુ એપાર્ટમેન્ટ,
ગ્રીન સીટીની સામે, નિર્ણય નગર રોડ,
ચાંદલોડીયા, અમદાવાદ - ૩૮૨ ૪૮૧
મો. ૮૧૪૦૭૮૭૭૬૭

@Gujratimagazines

અર્પણ

.....જેના દ્વારા અમને નવું લખવાની
સભાનતા અને દિશા મળી તે
ફેસબૂક ગૃપ
'ગઝલ તો હું લખું ને".....

@Gujratimagazines

લઈને...અગિયારમી દિશા
એક ઉત્સવ, એક અભીગમ, એક દૃષ્ટિ...

પુસ્તક રૂપે પ્રગટ થતાં મેગેઝીનોના દોરની વચ્ચે પ્રવેશેલું ફેસબૂક એક એવું તત્ત્વ હતું જેને વ્યકિતઓ વચ્ચેના જોજનો દૂરના અંતર ભૂંસી નાખ્યા. ગુજરાતી મેગેઝીનોમાં ન છપાઈ શકેલા નવોદિત કવિઓ માટે ફેસબૂક એક સક્ષમ માધ્યમ બની ગયુ. અહીં સાહિત્ય સર્જન કરતાં નવોદિતની સંખ્યા ખૂબ હતી એની સામે સાહિત્યરસિકોની સંખ્યા પણ એટલીજ હતી ફેસબૂક પર આપબળે બની બેઠેલા વિદ્વાનો પણ હતા અને એમની વિદ્વતાને સાંખી રહેલા નવોદિતો પણ હતા. ફેસબૂક પર કેટલોક વર્ગ એવો પણ હતો જે આ નવોદિતોને માર્ગદર્શન પુરુ પાડતો હતો.

આમાનું એક ગૃપ હતું 'ગઝલ તો હું લખું' જેના એડમીન હતાં મગનભાઈ મકવાણા મગનભાઈ વિવેચનનાં માણસ –એમણે ગઝલ શિખવવા માટેની વર્કશોપ ઓનલાઈન ચાલું કરી આ વર્કશોપમાં વડીલશ્રી સંજુ વાળા, ગૌરાંગ ઠાકર, ડો.જયરાજ દેસાઈ નવોદિતોને માર્ગદર્શન પુરુ પાડતાં. દિશાવિહીન ભટકી રહેલા અને પોતાની આકારવિહીન સંવેદનાને પોતાની અંદરથી કવિતા રૂપે ઠાલવવા આતુર નવોદિતો માટે આશિર્વાદ રૂપ હતા. બધા જ નવોદિતો સારુ સર્જન કરતાં થયા હતા અહીં બધા જ લોકો ફેસબૂક દ્વારા જ કવિતા કરતાં થયા એવું કહેવાનો ઉપક્રમ નથી. પણ આવી વર્કશોપ દ્વારા તેઓ ઘડાતા હતા.

કવિતાની કેડીએ પા–પા પગલી કરતાં નામોની એક લાંબી યાદી બનાવી શકાય એમ છે જેમાના અમુક લોકો ગુજરાતીમાં શિષ્ટ મેગેઝિનોમાં છપાવા માટે ભાગ્યશાળી બન્યા હતા તો ઘણા અલિપ્ત રહ્યા હતા આ વાતાવરણની વચ્ચે ત્રણ મિત્રોનું એક ગૃપ તોફાની ત્રિપુટી (મિત્ર તાહા મનસૂરી, ચિંતન શેલત,સૌરભ પંડ્યા) કાર્યરત હતું. આ ત્રિપુટી દ્વારા ગુજરાતી સાહિત્ય પરીષદ, અમદાવાદ ખાતે એક મુશાયરાનું આયોજન થયેલું જેમાં ૧૪ જેટલા નવોદિત કવિઓ એ કાવ્યપઠન કરેલું માત્ર ફેસબૂકના કારણે આ મુશાયરાનું આયોજન શક્ય બનેલું અને આના થી આ નવોદિતોનો ઉત્સાહ બેવડાયો હતો.

આ વાતાવરણની વચ્ચે યોગેન્દુ જોષીએ આ બધા નવોદિતોની કવિતાને એકી સાથે એક પુસ્તકરૂપે પ્રગટ કરવાનો વિચાર મારી સમક્ષ રજૂ કર્યો પુસ્તક પ્રગટ કરવાનું એક માત્ર ધ્યેય એ છે કે ફેસબૂક પર ઘડાયેલા આ સર્જકોની કવિતા લોકો સુધી પહોંચે અને સર્જકોને એક પ્લેટફોર્મ મળે કવિઓની પસંદગીથી માંડીને પુસ્તકના વિમોચન સુધીના દરેક પાસાની ચર્ચા ચિરાગ ઝા, યોગેન્દુ જોષી, કાંતિ વાછાણી અને મારા વચ્ચે થઈ. ચર્ચાના અંતે પુસ્તકમાં સમાવવામાં આવેલ અગિયાર કવિઓ આ પ્રમાણે છે.

પાર્થ ખખ્ખર
મોહસીન મીર
મેહૂલ ભટ્ટ
ભાવેશ શાહ
ટેરેન્સ જાની
મેહૂલ પટેલ

@Gujratimagazines

મગન મકવાણા
ચિરાગ ઝા
કાંતિ વાછાણી,
યોગેન્દુ જોષી
અનંત રાઠોડ

પુસ્તકની આખી રૂપરેખા તૈયાર કરવામાં આવી અને તે પ્રમાણે ગૃપના મિત્રો વચ્ચે દરેક કાર્યની વહેચણી કરવામાં આવી પુસ્તકના ખર્ચની, પ્રિન્ટીંગ અને ડિઝાઈન, ટાઈપીંગની જવાબદારી કાંતિભાઈ અને યોગેન્દુ જોષીએ ઉપાડી લીધી. દરેક કવિઓએ પુસ્તકના ખર્ચ માટે યોગ્ય ફાળો પહોંચતો કર્યો જેના માટે એમનો આભાર ન માનવાનો હોય. પુસ્તકના પ્રુફ રીડીંગની જવાબદારી મગનભાઈએ સહર્ષ સ્વીકારી લીધી. પુસ્તકની પ્રસ્તાવના રૂપે બે શબ્દો લખવાની જવાબદારી સ્વીકારી કવિશ્રી અનીલ ચાવડા, ભાવેશ ભટ્ટ અને ચંદ્રેશ મકવાણાએ. અને અમારી લાગણીને માન આપ્યું તે બદલ અમે એમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ. ફેસબૂક પર એક ક્લોઝ ગૃપમાં પુસ્તકની ચર્ચા અગિયાર કવિમિત્રો વચ્ચે થતી હતી. પુસ્તકનું નામ **લઈને...અગિયારમી દિશા** ફાઈનલ કરવામાં આવ્યું, ફેસબૂક પર માર્ગદર્શન પુરુ પાડનારા વડીલોમાંથી જ કોઈ એક દ્વારા પુસ્તકનું વિમોચન કરાવવાનું નક્કી થયું છે.

મીડીયાના માધ્યમ સાથે સંકળાયેલા વ્યકિતઓએ આ કામને લોકો સુધી પહોંચાડવાની તૈયારી બતાવી જેથી અમારો ઉત્સાહ બેવડાયો અંતે અવસર પરિવાર (અમદાવાદ, વડોદરા, સુરત) ફેસબૂક પર કાર્યરત વડીલો સંજુ વાળા, ગૌરાંગ ઠાકર, ધીરુ પરીખ, પંચમ શુક્લ, ભરત ત્રીવેદી, હિંમાશુ પટેલ, તુષાર શુક્લ, કિરીટ ગોસ્વામી, મીલીંદ ગઢવી, લક્ષ્મીબેન ડોબરીયા, સંધ્યા ભટ્ટ, કિરણસિંહ ચૌહાણ, ડો. રઈશ મણીયાર વગેરેનો આભાર માનીને લઈને...અગિયારમી દિશા આપની સમક્ષ લઈને આવ્યા છીએ. આપના પ્રતિભાવથી આ જ ઉમંગ સાથે, આવા જ પ્રોજેક્ટ સાથે ફરી મળીશું.....

-અનંત રાઠોડ (હિંમતનગર)

પ્રાસ્તાવિક

@Gujaratimagazines

અનંતે અગિયાર કવિમિત્રોના એમના પુસ્તક વિશે મને લખવા કહ્યું. એમાં હું કેટલો લાયક છું એ જ પ્રશ્ન છે.

હમણા થોડા દિવસ પહેલા એક જગ્યાએ કવિશ્રી રાજેશ વ્યાસ મિસ્કીન સાથે બેસવાનું થયું. એ વખતે સાથે ભાવેશ ભટ્ટ, તેજસ દવે, વીર દોશી અને પારસ હેમાણી પણ હતા. એ વખતે મિસ્કીન સાહેબે કાવ્યસર્જન વિશે સરસ વાત કરી. આ અગિયાર દ્રિશા જેવા અગિયાર કવિઓ વિશે મારે ભાગે લખવાનું આવ્યું છે, ત્યારે મને એ વાત નોંધવાનું વધારે યોગ્ય લાગે છે.

મિસ્કીન સાહેબે કહ્યું કે, જ્યારે પહેલો વરસાદ પડે છે ત્યારે જમીન સાવ કોરી હોય છે, તરસી હોય છે. ત્યારે આ તરસી જમીન વરસાદનું બધું જ પાણી પી જાય છે. જમીન પર ભાગ્યે જ કશે દેખાય છે. શોષાઈ જાય છે. નવા કવિનું પણ આવું જ હોય છે, જ્યારે તે શરૂમાં કવિતા તરફ વળે છે, ત્યારે તે છાપાના ચોપાનિયામાં આવતી કવિતા કે કોઈ પણ પ્રકારની કવિતાને ઉત્તમ સમજીને એનું રસપાન કરતો રહે છે. આ સમયમાં એને અમુક માણસો મળે છે, ત્યારે એને સમજાય છે કે કવિતા માટે તો આવા-આવાં સામયિક વધારે યોગ્ય છે. આ પહેલા વરસાદની અનુભૂતિ છે.

પછી થોડા સમય પછી બીજો વરસાદ પડે છએ, ત્યારે ઘર, નળિયાં, વૃક્ષો અને રસ્તો સુધ્ધાં સ્વચ્છ અને ધોવાઈને સુંદર થઈ જાય છે. કવિનો બીજો તબક્કો પણ આ બીજા વરસાદ જેવો જ હોય છે. કાવ્યસર્જનના આ બીજા પડાવ દ્વારા કવિ પોતે સ્વચ્છ અને સ્વસ્થ થતો હોય છે. તે પોતાની જાતની અને કવિતાની વધારે નજીક આવતો હોય છએ. પોતાની કવિતાને વધારે સ્વચ્છ કરતો હોય છે. ધીરે ધીરે તે સાહિત્યિક સામયિકો, મેગેઝિનો વગેરે તરફ ઢળતો હોય છે, તેની કલમ કવિતાને પામવાની દિશામાં આગળ વધે છે.

ત્રીજો વરસાદ ખીલવાનો હોય છે. આ પળમાં કવિ ખીલતો હોય છે. કવિએ ખીલવાનું હોય છે.

કોઈ પણ કવિ કદાચ આ ત્રણ તબક્કામાં થઈ પસાર થતા હોય છે. આ વાત સાંભળ્યા પછી મને પણ એવું લાગ્યું કે હા, હું પણ ક્યારેક આ તબક્કામાંથી પસાર થયો છું અથવા તો થઈ રહ્યો છું. ત્યારે આ અગિયાર કવિઓ પણ આ જ ત્રણ તબક્કાના કોઈ તબક્કામાં થઈ પસાર થઈ રહ્યા છે.

અત્યારનો સમય કોમ્પ્યુટરનો છે. હમણાં હમણાં જ મેં ક્યાક વાંચ્યુ કે અત્યારે લોકો બે જ બુક વાંચે છે, એક ફેસબૂક અને બીજી બેન્કની પાસબુક ! ફેસબૂક પર લખાતી કવિતાઓ વિશે પણ અઢળક ચિંતાઓ સેવાતી હોય છે, આ ચિંતામાં સાચી કવિતા પણ દબાઈ જતી હોય છે.

અત્યારે ધીરુ પરીખ, સંજુ વાળા, રાજેશ વ્યાસ મિસ્કીન, યોગેશ જોશી, તુષાર શુક્લ, હર્ષદ ત્રિવેદી, ભાગ્યેશ જહા, રઈશ મનીઆર, મુકુલ ચોકસી, કિરણસિંહ ચૌહાણ, ગૌરાંગ ઠાકર, વિવેક ટેલર, અંકિત ત્રિવેદી, ભાવેશ ભટ્ટ, ચંદ્રેશ મકવાણા, અશોક ચાવડા જેવા અનેક

@Gujratimagazines

સાહિત્યના જાણીતા નામો પણ ફેસબૂક પર કવિતા દ્વારા કે કવિતાની ચર્ચા દ્વારા જાણ્યે-અજાણ્યે કવિતાને કાંતી રહ્યા છે, કવિતાની એક વર્કશોપ ચલાવી રહ્યા છે.

એમાં ચિરાગ ઝા, અનંત રાઠોડ, યોગેન્દુ જોષી, મેહુલ પટે ઈશ, પારુલ ખખ્ખર, તાહા મન્સૂરી, ચિંતન શેલત, સૌરભ પંડ્યા, કુલદીપ કારિયા, નરેશ સોલંકી, ચિન્મય શાસ્ત્રી, તેજસ દવે જેવા અનેક ધ્યાનમાં લેવા જેવા નામો છે. આ નામો ફેસબૂક જેવા ઈ-માધ્યમને લીધે જ કવિતા લખતા થયાં એવું સહેજે ન માનવું, પણ ઈન્ટરનેટ જેવા માધ્યમે સર્જકને અને સર્જનને એકમેકની નજીક લાવાનું કામ સારી રીતે કર્યું છે.

લઈને...અગિયારમી દિશા ગઝલસંગ્રહમાં આવા જ અગિયાર સર્જકોની ગઝલો છે. અહીં અગિયાર દિશામાં જઈ શકો છો. દરેક દિશાનો રંગ પોતિકો છે - આનંદ પોતિકો છે. આ અગિયાર કવિઓ કવિતાને પામવા પ્રયત્ન કરતા કાવ્યકેડીના વટેમાર્ગુઓ છે. એ કેટલે અંશે કવિતાને પામી શકે છે એ તો તમારે આ ગઝલસંગ્રહ વાંચીને જ નક્કી કરવું પડશે.

અહીંનાં અગિયાર કવિઓમાં ઘણા કવિઓને તો હું માત્ર કવિતાઓ દ્વારા જ મળ્યો છું. તેમની કવિતાએ મને તેમની ઓળખ કરાવી છે. ક્યાંક સંવેદન છે, ક્યાંક બરડતા છે, ક્યાંક સુષ્કતા છે તો ક્યાંક હરિયાળી છે, ક્યાંક મહેક છે તો ક્યાંક મહેકનો આભાષ છે. જોકે અહીં મારે વિવેચન કરવાનો કોઈ ઈરાદો નથી, પણ દર્શન કરવાની મહેચ્છા છે. અહીં તમને અગિયાર પુષ્પોની અલગ અલગ અગિયાર મહેક અનુભવાશે.

આ અગિયારે કવિમાં આશા બાંધી શકાય એવી કાવ્યસર્જન શક્તિ છે. આ ગઝલો તેમની સર્જનશક્તિનું પ્રતિનિધિત્વ કરે છે. આ રચનાઓ વાંચીને તમે અગિયારે કવિની કાવ્યશક્તિ વિશેનો એક આછો સરખો અંદાજ બાંધી શકશો. આશા રાખું છું કે ભવિષ્યમાં આ અગિયારે કવિઓ પોતાની સર્જનશક્તિને વધારે ને વધારે ખીલવતા રહે.

અહીં અગિયારે કવિઓની ગઝલોના એક-બે શેર નોંધું છું.

-પારુલ ખખ્ખર
જેમ વધારે વિંધાશે
ઝીણું નકશીકામ થશે.

કોણ કહે છે કોમળતાની એ નિર્બળતા છે ?
ચાલ કમળની દાંડી લઈને ઘણને તોડું.

-મોહસીન મીર
આ રીતે તો આ રીતે તું મળ મને,
આગ તું હું મીણ છું લે અડ મને.

આવી ગયું'તુ હાથમાં એક બાળપણનું ચિત્ર,
ક્ષણ પાંચ-સાત રોઇને ભીની કરી લીધી.

@Gujratimagazines

- મેહુલ ભટ્ટ
વ્હેણ પણ ખોવાય ગ્યા'તા રેતમાં,
એ નદી પાછી વળી છે once more,

આટલી ના ગામની પંચાત કર,
જીવવું અખબાર જેવું લાગશે

- ભાવેશ શાહ
હશે એ જ કારણ, મળી છે અધૂરપ,
તરસ જો બુઝાશે તો મૃત્યુ ગણાશે.

ઘડપણ, જુવાની, બાળપણ ને ગર્ભમાં,
ઈચ્છા સદા ઉંધી દિશામાં વ્યસ્ત છે.

- ટેરેન્સ જાની
જો અનુભવ કરવો હો તોફાનનો,
કોક ભીની પાંપણે લઇ જઉ તને.

ફક્ત બે-ચાર દિવસોના પ્રણયને ભૂલવા માટે,
ખરા છો આપ પણ 'સાહેબ' આખી જિંદગી લીધી.

- મેહુલ પટેલ
તને હો મુબારક પ્રભુની ચરણરજ,
મને રસ પડ્યો છે ફરકતી ધજામાં.

ન આંબી શકાશે ગગનની બુલંદી,
કરીને પરિચય મિનારાની સાથે.

- મગન મકવાણા
રોજ સુદામો નહિ આવે ભગવન,
તું પણ સામે પગલે દોડી દે !

આ કલમથી મેં તબાહી ભોગવી,
એટલે આ બાદશાહી છે હવે !

@Gujratimagazines

- ચિરાગ ઝા

રેતીના ઢગલા પર થોડું પાણી રેડ્યું,
જાણે આખો દરિયો ઢોળ્યાની વાતો થઈ.

નથી મળતું બધું માત્ર હસીને,
સમયસરનો વલોપાત કરીએ.

-કાંતિ વાછાણી

પાસા નથી ફેંક્યા ભલે,
વનવાસ છે આ ભાગ્યમાં.

સાવ ખાલી જેવું ભીતર જોઈએ,
મૌન બોલે એવું ભીતર જોઈએ.

- યોગેન્દુ જોષી

પ્રશ્ન આવો ઉદ્‌ભવે છે,
માછલી ક્યાં જઈ રડે છે?

અમે તો સૂર્ય દાટી રાત લણવાના,
ગણીને સૌ સિતારા છાબ ભરવાના.

- અનંત રાઠોડ

કદી પલળી ગયાં છે તો કદી દાઝી ગયેલાં છે,
નથી હું જાણતો કે ટેરવાં કોને અડેલાં છે?

મારા સુધીય હું હવે પહોંચી શકીશ નહીં,
અંદરથી રોજ થાય છે મારાપણાનું ખૂન.

- અનીલ ચાવડા
અમદાવાદ
મો.૯૯૨૫૬૦૪૬૧૩

મ્હેકનું વાવાઝોડું

@Gujaratimagazines

એક બાજુ જ્યારે ગુજરાતી ભાષા ધીરે-ધીરે ભૂંસાઈ રહી છે, એની ચિંતા કરીને પોતાની અંદરના મસીહાને પોષવા રાફડો ફાટ્યો છે ત્યારે આ બાજુ ગુજરાતી કવિતામાં જે સંખ્યામાં આશાસ્પદ નવોદિતો આવી રહ્યા છે કદાચ આની પહેલાં કોઈ પેઢી કે દશકામાં નથી આવ્યા.

આજે કોમ્પ્ટરના જમાનામાં ફેસબૂક પર કોઈએ મૂકેલી કવિતાને વાંચ્યા વિના જ તેના સ્તરની ચિંતા કરવાવાળા પણ ખૂબ છે, એ લોકો જે પોતાની ખોવાઈ ગયેલી તટસ્થતા શોધી કાઢે અને વિદ્વતાનો ભાર હળવો કરીને જુએ તો ખ્યાલ આવશે કે ફેસબૂક પર કવિતાની એક વર્કશોપ ચાલે છે જેમાં તારવણી કરો તો સાચી કવિતા કે એ તરફની ગતિ કરતાં ઘણાં નામો મળશે જેની આજે ખૂબ જરૂર છે.

ચિરાગ ઝા, અનંત રાઠોડ, યોગેન્દુ જોષી વગેરે મિત્રો જ્યારે મળ્યા અને આ પુસ્તક વિશે હું બે શબ્દ લખું એવી લાગણી ને માંગણી મૂકી ત્યારે એમ લાગ્યું કે એક વિદ્યાર્થી પોતાના સહ વિદ્યાર્થી પાસે તેનું પરીક્ષા પેપર ચેક કરાવે, કેમ કે હું પણ તેમનાં જેઓ એક કવિતાનો વિદ્યાર્થી જ છું, ફરક એટલો કે હું એમનાથી આઠ-દસ વરસ પહેલાં આવ્યો છું પણ આ આઠ-દસ વરસના ફરકના લીધે એમણે મારી સિનિયર હોવાની લાગણીને પોષી છે જેની લાયકાત મારી છે કે નહીં એ પણ એક પ્રશ્ન છે.

એકવાર આવા ફરક ઉપર કિરીટ દૂધાત સાહેબે કોઈ ઉર્દૂ કવિનો મને એક શેર સંભળાવ્યો હતો જે આ મોકા પર મને યાદ આવી રહ્યો છે...

નયે દિવાનો કો દેખે યે ખુશી હોતી હે,
હમ ભી એસે હી થે જબ આયે થે વીરાનો મેં.

હમણાં પાંચ-છ વરસ પહેલાં આવો એક સંગ્રહ વીસ પંચા નામનો પ્રકાશિત થયો હતો જેમાં અનિલ, ચંદ્રેશ, અશોક, હરદ્વાર અને હું એમ પાંચ કવિઓની વીસ-વીસ રચનાઓનો સમાવેશ થયો હતો જેની યાદ અત્યારે તાજી થઈ રહી છે.

પારુલ ખખ્ખર, મોહસીન મીર, મેહૂલ ભટ્ટ, ભાવેશ શાહ, ટેરેન્સ જાની, મેહૂલ પટેલ, મગન મકવાણા, ચિરાગ ઝા, કાંતિ વાછાણી, યોગેન્દુ જોષી, અનંત રાઠોડ આ સૌ મિત્રોએ ભેગા મળી દસ-દસ રચનાઓનું ગુચ્છ ભેગું કરી એક સરસ પુસ્તકરૂપી બુકે ભાવકોને ધર્યો છે.

જેને આપણે બહું સાચવીને હંમેશા મ્હેકતો રહે એમ એનું જતન કરવાનું છે. ગુચ્છના દરેક ફૂલને પોતીકો રંગ અને મ્હેક છે એમાંની થોડીક શેરરૂપી પાંખડીઓ તમારી સમક્ષ ધરવી છે, એની સમજૂતી કે આસ્વાદ કરી એની મ્હેકને ચાખવી નથી.

આ ક્ષણે આ જ શ્રેણીમાં જોડાયેલા તાહા મન્સૂરી, સૌરભ પંડ્યા, ચિન્મય શાસ્ત્રી, આત્મન પંડ્યા અને ચિંતન શેલતનું સ્મરણ થાય છે.

@Gujratimagazines

ધૂળ છે માન અકરામો બધા,
પાઘડી ઝૂક્યા પછીની વાત છે.

જેમ વધારે વિંધાશે
ઝીણું નકશીકામ થશે..
- પારુલ ખખ્ખર

આ રીતે તો આ રીતે તું મળ મને,
આગ તું હું મીણ છું લે અડ મને.

એકાદ શબ્દથી હશે એને વિરોધ પણ,
આખીયે વાત રોઇને ભીની કરી લીધી.
- મોહસીન મીર

ચોમેર થાતા ખેલને આભો બની હું જોઉં છું !
છાપે ચડેલા શ્હેરને આભો બની હું જોઉં છું.

વ્હેણ પણ ખોવાય ગ્યા'તા રેતમાં,
એ નદી પાછી વળી છે once more,
- મેહુલ ભટ્ટ

તળનો પથ્થર છું હું ગુમનામીનાં જળમાં,
લાશ થઇ ચર્ચા-સપાટીએ તરું છું.

હશે એ જ કારણ, મળી છે અધૂરપ,
તરસ જો બુઝાશે તો મૃત્યુ ગણાશે.
- ભાવેશ શાહ

જો અનુભવ કરવો હો તોફાનનો,
કોક ભીની પાંપણે લઇ જઉં તને.

વફા, દોસ્તી, પ્રેમ ને લાગણીઓ,
બધી આ તમે શાની વાતો કરો છો !
- ટેરેન્સ જાની

©Gujaratimagazines

ફકીરોની સોબત ખરો રંગ લાવી,
નજર જ્યાં પડે ત્યાં અમારું જ ઘર છે !

તને હો મુબારક પ્રભુની ચરણરજ,
મને રસ પડ્યો છે ફરકતી ધજામાં.
- મેહુલ પટેલ

રોજ સુદામો નહિ આવે ભગવન,
તું પણ સામે પગલે દોડી દે !

પ્રસંગના શ્રી ગણેશ કર તું,
ઉભું છે કોઈ ગુલાલ લઈને !
- મગન મકવાણા

સાંભળવું છે સરળ, જો તમે સાંભળી શકો,
મારે તો રોજ આ જ બધું બોલવાનું છે.

અચરજ મને એના વિષે છે ક્યારની કોને કહું !
એ કોણ છે ઝાઝી મને સમજી ગયો કોને કહું !
- ચિરાગ ઝા

પાસા નથી ફેંક્યા ભલે,
વનવાસ છે આ ભાગ્યમાં.

અધૂરી રહેશે જ ઈચ્છા અજાણી,
પછી કે વિચારે જ લડશે નજરમાં.
- કાંતિ વાછાણી

બાંકડો પણ રૂમાલ રાખે છે,
વૃદ્ધથી ત્યાં રડાય તો સારું.

સાત સાગરના કિનારા,
લાશ કેવી સાચવે છે ?
- યોગેન્દુ જોષી

@Gujratimagazines
બહુ મોટી થતી એ જાય છે દિવસે ને દિવસેતો,
વ્યથાને કોઈ ઠેકાણે હવે પરણાવવી પડશે.

તું જઇ અને કરી દે પ્રથમ કેદ સૂર્યને,
એના પછી કરીશું એ તાપણાનું ખૂન.
– અનંત રાઠોડ

આ થોડાંક ફૂલની નુમાઈશ એટલા માટે કરી છે કે એનાં ઉપરથી બગીચાની સુંદરતાનો ખ્યાલ આવે. વધારે કે ન કહેતાં આ સૌ મિત્રોની મ્હેકનું વાવાઝોડુ સાહિત્યનાં ભવિષ્ય ઉપર ફરી વળે એવી શુભચ્છા સાથે.....

- ભાવેશ ભટ્ટ
અમદાવાદ
મો. ૯૮૨૫૧૫૦૨૪૪

શુભેચ્છા સંદેશ

@Gujratimagazines

લઈને...અગિયારમી દિશા ગઝલસંગ્રહ લઈને જ્યારે એકસાથે અગિયાર કવિઓ આવી રહ્યા છે ત્યારે હું એમને ખરાદિલથી આવકારું છું. આ અગિયાર કવિઓ એટલે..પારુલ ખખ્ખર, મોહસીન મીર, મેહુલ ભટ્ટ, ભાવેશ શાહ, ટેરેન્સ જાની, મેહુલ પટેલ, મગન મકવાણા, ચિરાગ ઝા, કાંતિ વાછાણી, યોગેન્દુ જોષી, અનંત રાઠોડ

એમની ગઝલો આવતી કાલનાં ગઝલવિશ્વમાં સૂર્ય માફક ઝળહળે એવી શુભેચ્છા. ગઝલ અને ગઝલકાર પ્રત્યે મને મારા જીવ કરતાં પણ વધારે પ્રેમ અને આદર છે. આટલે આ સંગ્રહ અને અગિયારે કવિનો ગઝલ પ્રેમ કરવા અને એના વિશ્વમાં પ્રવેશ કરવા બદલ ખરા દિલથી આભાર માનું છું. આ કવિઓનાં મને ગમેલાં શેર અહીં ટાંકું છું.

છે જણસમાં એક એનું નામ બસ,
ચીંથરી ખુલ્યા પછીની વાત છે.
-પારુલ ખખ્ખર

એકાદ શબ્દથી હશે એને વિરોધ પણ,
આખીયે વાત રોઇને ભીની કરી લીધી.
- મોહસીન મીર

આટલી ના ગામની પંચાત કર,
જીવવું અખબાર જેવું લાગશે
-મેહુલ ભટ્ટ

હશે એ જ કારણ, મળી છે અધૂરપ,
તરસ જો બુઝાશે તો મૃત્યુ ગણાશે.
-ભાવેશ શાહ

એ જ બસ ઉપચાર બાકી છે રહ્યો,
મંદિરે-ગીર્જાઘરે લઇ જઉં તને.
-ટેરેન્સ જાની

ગળે મળવાની ઈચ્છાને દબાવી રાખ તું દિલમાં,
શરીરે બોમ્બ બાંધીને ઉભલો આત્મઘાતી છું !
-મેહુલ પટેલ

@Gujaratimagazines

આ કલમથી મેં તબાહી ભોગવી,
એટલે આ બાદસાહી છે હવે !
-મગન મકવાણા

બેઠો છું જે લઈને, એ મારું નથી થયું,
જેનું છે એને શોધી પછી આપવાનું છે.
-ચિરાગ ઝા

પાસા નથી ફેંક્યા ભલે,
વનવાસ છે આ ભાગ્યમાં.
-કાંતિ વાછાણી

બાંકડો પણ રૂમાલ રાખે છે,
વૃદ્ધથી ત્યાં રડાય તો સારું.
-યોગેન્દુ જોષી

એ શોધવામાં એક જણ થાકી ગયેલ છે,
છીંડું મુકીને વાડ ક્યાં ચાલી ગયેલ છે?
-અનંત રાઠોડ

- ચન્દ્રેશ મકવાણા 'નારાજ'
અમદાવાદ
મો.૯૮૯૮૫૨૧૫૭૦

અગિયાર કવિઓની ઉર્મિઓ, કલ્પનાનાં તરંગો અને મા સરસ્વતીની આરાધના લઈ ગુંજતો ગઝલસંગ્રહ **લઈને...અગિયારમી દિશા** વાચકો તરફથી પુષ્કળ સ્નેહ પામે તેવા શુભાશિષ...

-મધુકર ત્રિકમલાલ જોષી

@Gujratimagazines

મશહૂર પંજાબી કવયિત્રી અમૃતા પ્રિતમે જ્યારે આત્મકથા લખવાની વાત મિત્ર ખુશવંતસિંઘને કરી ત્યારે એમણે કહ્યુ કે, તારી આત્મકથામાં હોય, હોય ને હોય શું ? એ તો રેવન્યુ સ્ટેમ્પની પાછળની બાજુ જેટલી જગ્યામાં લખી શકાય

મને જ્યારે મારી ગઝલયાત્રા વિશે લખવાનું કહેવામાં આવ્યુ ત્યારે મને આ કિસ્સો યાદ આવી ગયો. યાત્રા વિશે તો ત્યારે લખી શકાય જ્યારે ક્યાંક પહોંચાયુ હોય. મેં તો હજું પગલું જ ઉપાડ્યુ છે. તેથી હું બહુ બહુ તો પ્રથમ પગલાં વિશે કહી શકું.

નાનપણથી વાંચનનો ખૂબ જ શોખ. કાંઈ ન મળે તો છેવટે ગુજરાતી-હિંદીનાં પાઠ્યપુસ્તકો વાંચતી રહું. લખવાનું તો ૧૫ વર્ષની વયે શરુ થયું ૫-૧૫ રચનાઓ લખાઈ, પગલું ઉપડતાં ઉપડતાં અટકી ગયું ! ૧૯મા વર્ષે અમરેલી સાસરે આવી. અમરેલી તો કવિતાની વેલી ! રમેશ પારેખનું રજવાડું ! કલમ ન સળવળે તો જ નવાઈ ! ફરી વખત પગલું ઉપડવાં ઉઠ્યું અને અટકી ગયું. સંસારની ઘટમાળમાં ગૂંથાઈ ગઈ.

વચ્ચે ૨૦ વર્ષોનાં પ્રવાહો વહી ગયા. દીકરો યુવાન થયો, ઘરમાં ઈન્ટરનેટ આવ્યુ, ઓરકુટ અને ફેસબૂક પણ આવ્યું હા-ના કરતાં હું પણ જોડાઈ ગઈ. મારો ફાજલ સમય પસાર થવા લાગ્યો. કવિતા સાથે પુનઃસંધાન થયું એક વર્ષ સુધી કલમે હિંમત ન કરી પણ... પછી લખવાનું શરુ કર્યું એવું લાગ્યુ જાણે ....સુગ્રથિત, સુંદર મરોડદાર અક્ષરે લખાયેલી અરધી પરધી વંચાયેલી જીવન કિતાબમાં એક ગુલાબી પન્નું ખુલી ગયું

અછાંદસ અને ગીત ગમે. પણ પહેલેથી ગઝલ જ ગળે વળગી છે. રદીફ કાફિયા જાતે જાતે શીખી. લઘુ ગુરુ અને અક્ષરમેળ તો ભણવામાં જ આવ્યા હતાં. અમદાવાદ ગઝલ શિબિરમાં જઈને ગઝલનાં છંદોલય શીખી આવી. જીતુભાઈ ત્રિવેદીનું 'સમજીએ ગઝલનો લય' પુસ્તક સાથે રાખીને શબ્દને ગુરુ બનાવ્યા. લખતી ગઈ ..શીખતી ગઈ.

મારા પતિ અને પરિવારના સહયોગથી, મિત્રોનાં પ્રોત્સાહનથી, આજે ફરી એક વખત પગલું ઉપડવા જઈ રહ્યુ છે.. મંઝિલની દિશા તરફ, ત્યારે આપ સૌ મિત્રોના આશીર્વાદ, શુભેચ્છાઓ અને પ્રતિભાવ ઈચ્છુ છું...

પારુલ હિતેશભાઈ ખખ્ખર
તીર્થ, ૧૫૩, ગુરુકૃપા નગર,
ચિતલ રોડ,
અમરેલી-૩૬૫ ૬૦૧
મો. ૯૪૨૯૮૮૯૩૬૬

@Gujratimagazines

ચોકડી મૂક્યા પછીની વાત છે,
આંગળી છૂટ્યા પછીની વાત છે.

થડ અડીખમ મૂળસોતું ગુમ થયું,
ડાળખી તૂટ્યા પછીની વાત છે.

લ્યો હવે શું હારવું કે જીતવું!
કાંકરી ચૂક્યા પછીની વાત છે.

જણ અચાનક રણ થયો કોને કહું ?
લાગણી ખૂટ્યા પછીની વાત છે.

છે જણસમાં એક એનું નામ બસ,
ચીંથરી ખુલ્યા પછીની વાત છે.

સૂર થઈ પડઘાય છે એ આજ પણ,
વાંસળી ફૂંક્યા પછીની વાત છે.

ધૂળ છે આ માન-અકરામો બધા,
પાઘડી ઝૂક્યા પછીની વાત છે.

રાહમાં ખીંટી અને ઉંબર હજું,
ઓઢણી ઉડ્યા પછીની વાત છે.

- પારુલ ખખ્ખર

@Gujratimagazines

તૂટ્યું-ફૂટ્યું જાય ઊંડા કાતરિયામાં,
ધક્કામુક્કી થાય ઊંડા કાતરિયામાં.

આંખો કાઢી યાદને રસ્તો દેખાડું,
હળવેથી સંતાય ઊંડા કાતરિયામાં.

તોડી નાખ્યો તાર, તો અંદર પેસીને,
ધીમા સાદે ગાય ઊંડા કાતરિયામાં.

આવી જા મેદાનમાં સ્વીકારી લે ને,
શા માટે મૂંઝાય ઊંડા કાતરિયામાં.

ઘસમસ વ્હેતા સાદની જ્યાં છાલક વાગે,
પત્થર પણ ભીંજાય ઊંડા કાતરિયામાં.

રેશમ જેવું પોત, ને ઉઝરડાં ઝાઝા,
જાતે જઇ સંધાય ઊંડા કાતરિયામાં.

ઉડવું હો બોલ, આનાકાની ના કર,
જો..પાંખો વિંઝાય ઊંડા કાતરિયામાં.

- પારુલ ખખ્ખર

@Gujratimagazines

મામલો છેવટ લગીનો થાવા દે,
ના દવા કર, જખ્મ જૂનો થાવા દે.

છે અભાવોનું નગર ફફોસી જો,
શ્વાસ ચોરી, એક ગુનો થાવા દે.

એમ ના રસ્તો બને સહેલાઈથી,
તોડ પત્થર, ને પસીનો થાવા દે.

છે હજુ પાષાણ, પણ થાશે ઝળહળ,
ઘાટ આપીને નગીનો થાવા દે.

ક્યાં સુધી તું જળકમળવત થઇ જીવે?
એક ખૂણો આજ ભીનો થાવા દે.

શાંત કોલાહલ કરી જાજે અંદર,
ઓરડાને સાવ સૂનો થાવા દે.

જીવ ઊભો બારણે કર જોડીને,
ભક્ત કર યા તો કમીનો થાવા દે.

- પારુલ ખખ્ખર

@Gujratimagazines

ઉઝરડાનું ગામ થશે,
પીડા કેરું ધામ થશે.

જેમ વધારે વિંધાશે,
જીણું નકશીકામ થશે.

સમજાવટથી મન સમજે,
બાંધ્યું તો બેફામ થશે.

જીતીશું તો પામીશું,
હારીશું તો નામ થશે.

પ્રેમ કરી મશહૂર થયા,
પ્રેમ થકી બદનામ થશે.

નબળી હો શરૂઆત ભલે,
ધારે તે અંજામ થશે.

ઝળહળવા દે છેવટ લગ,
અંતે દીવો રામ થશે.

- પારુલ ખખ્ખર

@Gujratimagazines

જરા અજવાશ કાજે ઘર જલાવો છો ભલા માણસ !
અને આવું કરી ખુદ ને બનાવો છો ભલા માણસ !

નથી અંધેર, થોડી દેર છે એની કચેરીમાં,
તમે ઉતાવળે આંબા પકાવો છો ભલા માણસ !

અરીસો ખોલશે ચોક્કસ તમારા ભેદભરમોને,
નકાબોમાં રહી કોને છુપાવો છો ભલા માણસ !

ટકોરા મારતી આવી, અચાનક સાવ દરવાજે,
કરીને પૂછતાછો તક ભગાવો છો ભલા માણસ !

ન ઢીલો દોર દેવો, સાવ છે બગડેલ ઇચ્છાઓ,
બધું જાણો છતાં મોઢે ચડાવો છો ભલા માણસ !

અરે, એ ભાવના જોશે જરા, ને પીગળી જાશે,
ખુદાને ધાકધમકીથી મનાવો છો ભલા માણસ !

કરો શંકા, ઉઠાવો આંગળી અસ્તિત્વ પર જેનાં,
વળી એનાં જ નામોને વટાવો છો ભલા માણસ !

- પારુલ ખખ્ખર

@Gujratimagazines

શમણાં રોપું લાવ, હથેળીનાં જંગલમાં,
ક્યાંથી ફૂટ્યાં ઘાવ, હથેળીનાં જંગલમાં.

અફવાઓ એનાં અંગે, પણ હું તો હું છું,
શોધો એને જાવ, હથેળીનાં જંગલમાં.

એનાં લશ્કર, ખંજર, બખ્તર, એની જીતો,
એનાં સઘળા દાવ, હથેળીનાં જંગલમાં.

પળ બે પળનો સથવારો થઇને આવી જા,
નોંધારી છું સાવ, હથેળીનાં જંગલમાં.

દરિયો છોડી અંજળ સાથે લમણાં લેતી,
ખોવાણી છે નાવ, હથેળીનાં જંગલમાં.

રક્ષક વેશે ભક્ષક આવે એવાં ટાણે,
કોને કરવી રાવ, હથેળીનાં જંગલમાં.

શખ્સ હતો જે ચંદન જેવું આછું મ્હેકે,
ઊંચા એના ભાવ, હથેળીનાં જંગલમાં.

- પારુલ ખખ્ખર

@Gujratimagazines

એક સદીનો મનસૂબો લઇ ક્ષણને તોડું,
ધીરે ધીરે પથ્થર જેવા જણને તોડું.

દૂર ઘણી મંઝિલ ને રસ્તા વાંકા ચૂંકા,
જોર લગાવીને સઘળી અડચણને તોડું.

કામ નથી એક્કે એવું જે ના થઇ શકતું,
સૌથી પહેલા મસમોટા આ પણને તોડું.

કોણ કહે છે કોમળતા એ નિર્બળતા છે ?
ચાલ કમલની દાંડી લઇને ઘણને તોડું.

જડશે જોજે સાવ અચાનક ઝળહળ જેવું,
લાવ હથોડી શ્રદ્ધાની, લઇને કણને તોડું.

- પારુલ ખખ્ખર

@Gujratimagazines

નિરંતર આ ચમકતી ધાર ઉપર ચાલ આપે,
દવા કૈં વૈદ્ય ના આપે ને ખસ્તા હાલ આપે.

જતનથી સાચવો ને, તોય થાતા લાખ કટકાં,
જુઓ તો સાવ તકલાદી ને પડતર માલ આપે.

અમારે છાંયડા, ટહુકા, વિસામા એ જ મૂડી,
ભલે આપે બરડ ડાળો, બરછટ છાલ આપે.

ગજબનાં દાવપેચોથી લડાવીને મજા લે,
કદી બખ્તર, કદી તલવાર સંગે ઢાલ આપે.

વિવાદોથી, વિષાદોથી ભરેલા એ જ દિવસો,
નવા સપના લપેટીને એ સાલોસાલ આપે.

અધૂરું ગીત છો કહીને સદા હાંસી ઉડાવે,
મનોમન ગણગણે પણ, સૂર કે ના તાલ આપે.

બધા રંગો સમાયા એક પીંછીના લસરકે,
ગુલાબી ગાલ આપીને, એ આંખો લાલ આપે.

કરાવે સંગ કાગળનો, પછી એકાંત દઈને,
કલમની વાંઝણી કોખે ગઝલનો ફાલ આપે.

- પારુલ ખખ્ખર

@Gujratimagazines

કદી ગાય છે ને રણઝણે છે,
અખોવન* કલમ આ ગઝલને જણે છે.

જરા દોષ જોઇ તરત આંખ કાઢે,
હરીફોય, ચૂંટી કલમથી ખણે છે.

જુદો સાવ કક્કો, અલગ છે પલાખા,
જૂની આંખ ચશ્મા નવા લઇ ભણે છે.

ગળે કોણ લાગે તમારાં નગરમાં,
મળે હાથ તો આંગળીને ગણે છે.

અહીં લોક ખાઇ દિલોમાંય ખોદે,
સબંધો વચાળેય ભીંતો ચણે છે.

ખીલી જાય ઘાવો ખુદાની મહેરથી,
કલમ આ દરદની ફસલને લણે છે.

અગમ ને નિગમનાં રહસ્યો ઉઘાડી,
કબીરો શબદને નિરંતર વણે છે.

(* અખોવન = એવી સ્ત્રી જેનાં બધા સંતાનો જિવીત છે.)

- પારુલ ખખ્ખર

@Gujratimagazines

આ યુદ્ધમાં પળ પળ જિતાઉં છું સતત,
હાર્યા પછી કૈ કૈ કમાઉં છું સતત.

ખોલો જરા, પૂછો જરા, કે કેમ છો,
હું દ્વારની માફક વસાઉં છું સતત.

કોમળ છતાં શૂળો વચાળે કેદ છું,
ઝાકળ પડે તોયે ઘવાઉં છું સતત.

આખર અરીસામાં ઝિલાયાં છળ બધાં,
છાયા નિહાળીને ડઘાઉં છું સતત.

લઇને, અબોલા આવ-જા કર્યા કરું,
જો.. શ્વાસ થઇ કેવી રિસાઉં છું સતત.

કરતાં કરી બેસું હિસાબો કર્મનાં,
અંતે ગુનાઓથી લજાઉં છું સતત.

મિત્રો જ જાસા લઇ ફરે છે જ્યારથી,
જઇને નકાબોમાં છુપાઉં છું સતત.

- પારુલ ખખ્ખર

@Gujratimagazines

નામ મોહસીન કાલુભાઈ મીર (સ્પર્શ) જન્મ ૩ જુલાઈ ૧૯૮૩ –મૂળ સાબરકાંઠા ના બાયડ તાલુકાના નાનકડા ગામ આકરૂન્દના હાજી હુસૈનભાઈ મીર પરિવારના વટવૃક્ષનો પૌત્ર મહીં સાહિત્યને આગળ વધારતો એક નાનકડો અનુછોડ કે જે છેલ્લા ૨૦ એક વર્ષથી પંચમહાલના ગોધરા નગરમાં વિસ્તરવા પ્રયાસ કરી રહ્યો છે. નાનપણથી જ સંગીત અને અભિનયની અભિરુચિને મારા દાદા તરફથી માર્ગદર્શન અને પોષણ મળતું રહ્યું કે જેઓ પોતે પણ સંગીતના વિદ્વાન અને કવિ તરીકે જાણીતા હતા, માર્ગદર્શન હેઠળ તો મારા સંગીત માટેના રસને આભારી છે.

હા, કોલેજ સમયમાં સૌ પ્રથમ જુદા જુદા સંગીતને લગતા કાર્યક્રમો માણવા ઉત્સુકતા વધારી દીધી. મારા શિક્ષણના ગુરુ જ મારા ગઝલ ગુરુ બન્યા. મારી કોલેજના પ્રાધ્યાપિકા ગાયત્રીબેન ભટ્ટ તથા રિષભ મહેતા મધુર ગાયકની સાથે કવિતા અને ગઝલના સર્જક પણ હતા. જેનો થોડો ઘણો પ્રભાવ મારા સંગીત અને ગઝલ પર જોવા મળે છે. એમની પ્રણયને લગતી ગઝલો કોલેજ કાળ દરમ્યાન ગઝલ પ્રત્યેનું આકર્ષણ વધ્યું આમ તો ભીતરમાં ઘણુ બધું ભેગુ થઈ ગયું હતું જેનાથી એવી લાગણી પણ થતી કે હું કંઈક લખી શકું છું પરંતુ તેને ગઝલ કહી શકાય તેવા સર્જન હું કાગળ પર નહોતો લાવી શકતો. ત્યારબાદ મારી કોલેજના જ એક સિનિયર વિદ્યાર્થી તેમ જ મિત્ર એવા ત્રિલોક મહેતા ઉભરતા અને અસરકારક ગઝલકાર જેમના દ્વારા જ છંદનુ પ્રાથમિક જ્ઞાન મને મળ્યુ જેના માટે હું તેમનો આજેય આભારી છું. વિશેષમાં એ કે ગોધરાના જ પ્રો. વિનોદ ગાંધી, પ્રો. રિષભ મહેતા, પ્રો. ગાયત્રીબેન ભટ્ટ, ડો. શશીન દેસાઈ તથા પ્રો. દિવાકર ગૌરના માર્ગદર્શન હેઠળ ગઝલને ઓપ આપવાની તક મળી. અને આ તમામ ગુરૂજનો આયોજીત જુદા જુદા મુશાયરા માણવા તથા તેમાં ભાગ લેવાનાં અવસર સાંપડ્યા. અંતે ઈન્ટરનેટના માધ્યમ થી 'ગઝલ તો હું લખુ' ગૃપમાં જોડાયો અને ગઝલના વિવિધ પાસાઓ વિશેની સમજ કેળવતો ગયો એ બદલ હું આ ગૃપના તમામ સભ્યોનો શુક્રગુજાર છું.

-મોહસીન મીર

@Gujratimagazines

આ રીતે તો આ રીતે તું મળ મને,
આગ તું હું મીણ છું લે અડ મને.

ચન્દ્ર ને આમે નજર લાગે નહિ
આપશો ના કોઇ પણ કાજળ મને.

કટકો તારી જ પાસે એક નથી
દૂર જા બીવડાવ ના બાવળ મને.

એક મુદ્દતથી તરસ જલતી રહી
ને વધુ સળગાવતુ વાદળ મને.

રોજ અર્પું છું, ગઝલને વેદના
પુણ્ય આપે છે કલમ કાગળ મને.

આમ તો કેવળ ખરેલું પાન છું
એક ઝરણું લઇ ગયું આગળ મને.

- મોહસીન મીર

@Gujratimagazines

એ હોય કે ના હોય એનું કામ બોલે છે,
એના ગયા પછીયે એનું નામ બોલે છે.

ખાલીપણાનો ઝંડો મૂકી દો ભક્તરાજ,
ઇશુ, ખુદા, ગણેશ ને શ્રીરામ બોલે છે

બેઠું છે સત્ય મોઢે મૂકીને આંગળી,
ને શેતાનિયત સભામાં સરેઆમ બોલે છે.

મારી જીભે તે તાળુ છો ને લગાવ્યુ હોય,
કરશો હવે શું દોસ્ત આખુ ગામ બોલે છે.

ભમરાની લાગણીના ફૂરચા ઉડી ગયા,
ફૂલોયે જો ને કેવું બેફામ બોલે છે.

જાહેર વેદનાઓ તો ઝેર થઇ ગઇ,
પ્રત્યેક શેર જાણે આવામ બોલે છે.

સાબિત કશુંય કરવું બાકી રહ્યું નહિ,
મહેનત ઘણી થઇ છે પરિણામ બોલે છે.

- મોહસીન મીર

@Gujratimagazines

હળવેથી ક્યાંક રોઇને ભીની કરી લીધી,
ગઝલોએ આંખ રોઇને ભીની કરી લીધી.

ઝાકળ જરાક વાર માટે મોડુ શું પડ્યું...
ફૂલોએ જાત રોઇને ભીની કરી લીધી.

એકાદ શબ્દથી હશે એને વિરોધ પણ,
આખીયે વાત રોઇને ભીની કરી લીધી.

દીઠી દુઆઓની અસર એવી નમાજમાં,
આખી કિરાત રોઇને ભીની કરી લીધી.

વિધવા જ મૂલ જાણતી રંગોળીનું ખરું,
એથી જ ભાત રોઇને ભીની કરી લીધી.

આવી ગયું'તુ હાથમાં એક બાળપણનું ચિત્ર,
ક્ષણ પાંચ-સાત રોઇને ભીની કરી લીધી.

કરશો હવે શું 'સ્પર્શ' આ અંતિમ નીશાનીને,
એણે તો રાખ રોઇને ભીની કરી લીધી.

- મોહસીન મીર

@Gujratimagazines

એક ગમતા રેશમી લિબાસ જેવો પ્રેમ છે,
ઓષને વળગી પડેલા ઘાસ જેવો પ્રેમ છે.

એક છેડે હર્ષ ને બીજી તરફ સંઘર્ષ છે,
બેઉની વચ્ચે લટકતી લાશ જેવો પ્રેમ છે.

એક સરનામુ મને પણ છે ખબર આઘાતનું,
દેખ ચાતકની નજરમાં પ્યાસ જેવો પ્રેમ છે.

ગોળ બસ ફરતા રહો માયા તણા ચકરાવમાં,
જિંદગી વર્તુળ જેના વ્યાસ જેવો પ્રેમ છે.

આ સમય ઘનઘોર એક ઘનઘોર કાળી રાતને,
આગિયાના આગવા અજવાશ જેવો પ્રેમ છે.

અંત લગ ઝંખ્યા કરો ને સતત જપ્યા કરો,
થાક પરસેવા પછીની હાશ જેવો પ્રેમ છે.

- મોહસીન મીર

@Gujratimagazines

કળયુગનો બહુ પ્રભાવ છે અલ્લાહ બચાવી લો,
શયતાની સૌ સ્વભાવ છે અલ્લાહ બચાવી લો.

તરતા ભૂલી ગઇ છે એક ઘરડી માછલી
ઊંડુ ઘણું તળાવ છે અલ્લાહ બચાવી લો.

સૂરજ, બની લૂંટારો આવ્યો વસુંધરા
પર્વત ઊપર પડાવ છે અલ્લાહ બચાવી લો.

લાખો કષાય મોજા નાવિક જરા જુઓ,
આ તો અહમની નાવ છે અલ્લાહ બચાવી લો.

ચિનગારી કોઇ પણ ક્ષણે ભડકો બની જશે,
શ્વાસોની આવજાવ છે અલ્લાહ બચાવી લો.

મારાથી બનતી મહેનત મેં તો કરી હવે,
તકદીર હાથે દાવ છે અલ્લાહ બચાવી લો.

એના મરકતા હોઠ પર જાઓ ન દોસ્તો,
હૈયે ઘણાયે ઘાવ છે અલ્લાહ બચાવી લો.

- મોહસીન મીર

@Gujratimagazines

હવે શું જીવ બાળે દોસ્ત ? એનો જીવ બાળીને,
કહે છે સૂર્યને, લે બળ, જળાશયમાં ડૂબાડીને !!

ક્ષમાનો પુરવઠો ખૂટી પડ્યો મારા ગુનાહોથી,
કર્યું છે બંધ ખાતુ મેં સતત રૂપિયા ઉપાડીને.

કદી સંતોષના આ છોડને વટવૃક્ષ થાવું'તું,
ગમે ત્યાં ફેંક ના ઉદ્ધત સમય એને ઉખાડીને.

વિચારોને ન છંછેડો શમ્યા છે માંડ હમણાં એ,
ભલા શું કામ આમે ઉંઘતા સિંહો જગાડીને ?

કહી દો ચાંદ તારાને સલામી કોઇ આપે ના,
પધારે ઠાઠ થઈ નીંદર મધુર સપના બગાડીને.

વ્યથાઓ એકબીજાની શકલ જોયા પછી કરજો,
જશે લઇ મોત મારું , જિંદગી કાલે ભગાડીને.

સ્વયંમાં શોધવી પડશે જ ઘૂસણખોરી નફરતની,
છુપાયું કોણ ભીતર છે અમન મારો ઉજાડીને ???

કસોટી લો અગર ઇશ્વર સબરની, કાયદેસર લો,
ન સોંપો આમ અડધેથી બધી બાજી બગાડીને.

ગઝલ તો ઘાવ મરહમ એકસાથે બેઉ આપે છે,
કરી દો ફેંસલો એ 'સ્પર્શ' સિક્કાને ઉછાળીને.

- મોહસીન મીર

@Gujratimagazines

છેદને છોલ્યા પછી સર્જી ગઝલ,
લાગણી તોલ્યા પછી સર્જી ગઝલ.

શબ્દનાં ઊડે હવામાં ફોતરાં,
મૌનને ફોલ્યા પછી સર્જી ગઝલ.

છે ઠસોઠસ વેદના મારા ઘરે,
બારણું ખોલ્યા પછી સર્જી ગઝલ.

ઝીણવટથી મેં વીણ્યા જ્યાં મોતીઓ,
એ નયન મોલ્યા પછી સર્જી ગઝલ.

ભાવનાનું પૂર ઘોડા પર ચઢ્યું,
હોઠ ના બોલ્યા પછી સર્જી ગઝલ.

આજ તક રાખ્યા હતા જે સાચવી,
ઘાવ એ ખોલ્યા પછી સર્જી ગઝલ.

- મોહસીન મીર

@Gujratimagazines

થોડી ઘણી સબર કરું એવી દુઆ કરો,
પ્રત્યેક ગમને સર કરું એવી દુઆ કરો.

બે ચાર લાગણી અને છોડી વ્યથા તળે,
ગઝલોનું એક ઘર કરું એવી દુઆ કરો.

કપરે સમય ખુદા તને ભૂલી જવાય છે !!
ઝોહર અસર ફજર કરું એવી દુઆ કરો.

આંખોની શુષ્કતા હવે પ્રસરે છે દેહમાં,
આતમને તરબતર કરું એવી દુઆ કરો.

અંતિમ મુકામ પર છે જેની આ જીન્દગી,
એને હવે ખબર કરું એવી દુઆ કરો.

શ્વાસોનું ટોપલું હવે ખાલી જણાય છે
થોડીક કરકસર કરું એવી દુઆ કરો.

ખોબો ભરી ભલે સ્વજન સૌ ઝેર લાવતાં,
આગળ હસી અધર કરું એવી દુઆ કરો.

ઊંઘી શકું નિરાંતથી ઓઢી સ્મરણ બધાં,
એવી જગા કબર કરું એવી દુઆ કરો.

- મોહસીન મીર

@Gujratimagazines

સૂર્ય માટે દીપનો બાહોશ સો પેગામ છે,
વ્યસ્ત તું એક જ નથી મારે હજારો કામ છે.

દ્વાર પાછળની હયાતીથી રહ્યો છું બેખબર,
તોરણોને પૂછવાનો આ બધો અંજામ છે.

એક સરખી હોય ના જો આપણી સૌ આંગળી,
એક બે ઘટના થકી શાને નગર બદનામ છે ?

એકબીજાની તરસ છિપાવતાં છિપાવતાં,
એક સાથે બેઉના ખાલી થયેલા જામ છે.

શું કહું સંવેદનાની ટોળકીને એ ગઝલ
આંગળીના ટેરવે ઉછરી ગયેલું ગામ છે.

એટલે ફાવી ગયા આ ધર્મના સોદાગરો,
ગેરહાજર છે ખુદાને ક્યાં પધાર્યા રામ છે ?

એક બે પંખી તમે પીંજર નહિ ઉંચકી શકો,
એકતાનો પ્રશ્ન છે પ્રત્યેકનું આ કામ છે.

શું વ્યવસ્થા 'સ્પર્શ' કરશો એમના રોકાણની ??
દઈને આવી વ્યથા લાખો ગઝલને ધામ છે.

- મોહસીન મીર

@Gujratimagazines

હાવી થવા ન દે તું માનવ સ્વભાવને,
પથ્થર ન ફેંક બાળક વાગે તળાવને.

પડકાર છે તબીબો ઉપાડી તો જુઓ,
ખુલ્લા મૂકી રહ્યો છું પ્રત્યેક ઘાવને.

તું પાન શું બતાવે છે ધર્મગ્રંથના,
ચિંતા ખરી જ હો તો આવી બચાવ ને !

લઇ જાય જ્યાં સમય ત્યાં વહેતો રહું છું હું,
પતવાર ક્યાં લગાવી જીવની નાવને.

તારાઓ હોશ ખોઇ નીચે પડી ન જાય,
ધીમે રહી ન આમ તું પડદો ઉઠાવ ને!

જો મોત રૂબરૂમાં જોવા મળે અગર,
ઓછો કરી શકાશે એના પ્રભાવને.

- મોહસીન મીર

@Gujratimagazines

બારમા ધોરણમાં હતો ત્યારથી ગઝલ સાંભળવાનો અને નવલકથાઓ વાંચવાનો અનહદ શોખ હતો. અને મને પહેલેથી લખવું ગમતું પણ બધું છંદ વગર.. પણ સર્વિસ અને અન્ય કામકાજમાં એ પણ છેલ્લા દોઢ-બે વર્ષથી ફેસબૂકમાં ઘણાં તજજ્ઞો મિત્ર થયાં. એમાં શ્રી યોગેન્દુ જોષી સાહેબ ગઝલો લખતાં એની નીચે છંદ પણ લખતાં. એ જોઈને થતું કે આ લ અને ગા શું હશે ? એમને પૂછતો તેઓ દરેક શંકાનો સંતોષકારક ઉત્તર આપતા. ધીરે ધીરે એમાં રસ વધતો ગયો. પછી 'યોગ' સરે ઈ-મેઈલ દ્વારા છંદ શીખવાની એક બુક મોકલી. એના રસપૂર્વકના અભ્યાસથી છંદમાં થોડી ઘણી સમજ પડવા લાગી. અને મેં છંદમાં લખવાના પ્રયાસ શરૂ કર્યા. એવામાં ફેસબૂક પર શ્રી મગનભાઈ મકવાણા સાહેબ દ્વારા ચાલતા ગૃપ 'ગઝલ તો હું લખું' માં જોડાયો. એમાંથી ઘણું શીખવા મળ્યું અને હજી પણ શીખવા મળે છે. હું મારી લખેલી ગઝલો એ ગૃપમાં પોસ્ટ કરતો, એમાં જાણકાર મિત્રોએ અને તજજ્ઞોએ ભૂલ બતાવીને માર્ગદર્શન આપ્યું. સંજુ વાળા સાહેબ અને ગૌરાંગ ઠાકર સાહેબે પણ પોતાનો કિંમતી સમય ફાળવીને માર્ગદર્શન આપ્યું. સર્વે કવિ-તજજ્ઞ મિત્રો-વડીલો કોઈપણ સમયે માર્ગદર્શન આપવામાં આનાકાની કરતાં નથી, એ સૌનો હૃદયપૂર્વક આભાર માનું છું.
આમ ગઝલ લખવાની શરૂઆત થઈ છે ગઝલ ક્યારે અને શા માટે લખું છું. લખવી જોઈએ..

"લખું છું રોજ લખવાનું પ્રયોજન શોધવા માટે,
કે જાણે શ્વાસ લેવાનું પ્રયોજન શોધવા માટે."

હા, એટલું ચોક્કસ કહીશ કે સતત નવા નવા વિચારો કરતો રહું છું અથવા એકના એક વિચારને અલગ અલગ રીતે શબ્દો વડે છંદમાં ગોઠવતો રહું છું. મને ખબર નથી કે હજી સુધી મેં જેનુ કોઈ સાહિત્યિક મૂલ્ય હોય એવી ગઝલ લખી છે કે નહીં, પણ હું પ્રયત્નો નિષ્ઠાપૂર્વક કરું છું અને કરીશ. કવિલોક, અખંડ-આનંદ, શબ્દસર, દિવ્યભાસ્કર, અવસર, કચ્છમિત્રના દીપોત્સવી અંક અને આજકાલ માં મારી રચના પ્રગટ થઈ.

આકાશવાણી ભુજ પર મારી રચનાઓના પઠનની પણ મને તક મળી. આ ગઝલસંગ્રહમાંની મારી ગઝલો પર આપના કિંમતી અભિપ્રાય મને મારા સરનામે નિ:સંકોચપણે મોકલી શકો છો.

મેહુલ અરવિંદભાઈ ભટ્ટ
પ્લોટ નં.૧૨/એ, કૃષ્ણ કૃપા સોસાયટી, પીપળી માસે, મુંદ્રા રોડ,
અંતરજાળ, આદિપુર(કચ્છ)-૩૭૦૨૦૫

@Gujratimagazines

સતત હોઠે ચડે એ કામનું, બાકી બધાં ફાંફાં,
ગઝલ દિલથી ગમે એ કામનું, બાકી બધાં ફાંફાં.

પરાણે હા કહેલી હોય તો એ ક્યાં સુધી ટકશે ?
ખરેખર સાંપડે એ કામનું, બાકી બધાં ફાંફાં.

કદી બળથી, કદી છળથી, કદી મીઠાં વચનથી પણ
હૃદયપૂર્વક નમે એ કામનું, બાકી બધાં ફાંફાં.

કરી છળ મેળવી પણ લ્યો, નહીં ઊંઘી શકો રાતે,
મહેનતથી મળે એ કામનું, બાકી બધાં ફાંફાં.

ગમે ત્યાં હોય એ તેથી ફરક પડતો નથી 'મેહુલ',
સતત નજરે પડે એ કામનું, બાકી બધાં ફાંફાં.

- મેહુલ ભટ્ટ

@Gujratimagazines

ચોમેર થાતાં ખેલને આભો બની હું જોઉં છું !
છાપે ચડેલા ફ્લેરને આભો બની હું જોઉં છું.

અફવાની રેલમછેલને આભો બની હું જોઉં છું,
વ્યાપી રહેલા ઝેરને આભો બની હું જોઉં છું.

નફરત દિલે વાવ્યા કરે લોકો, અહમની ભીંત પર,
વિકસી રહેલી વેલને આભો બની હું જોઉં છું.

વરસો થયાં, વરસો થયાં, તો પણ હજી શમતું નથી,
વંઠી ગયેલા વેરને આભો બની હું જોઉં છું.

થોડી ઘણી છે શેષ એ માનવતાના માથા ઉપર,
તોળાય એ શમશેરને આભો બની હું જોઉં છું.

- મેહુલ ભટ્ટ

@Gujratimagazines

સફળતાનો મફત રસ્તો તને ઈશ્વર નહીં આપે,
સરળ એનો કોઇ નકશો તને ઈશ્વર નહીં આપે.

નથી પડતુંય, છપ્પર ફાડી કૈં આકાશથી એમ જ
ફીટે દળદર એવો દલ્લો તને ઈશ્વર નહીં આપે.

ભલે ને ફૂલ નૈ ને ફૂલની પાંખડી ધરતો,
છતાં ખોબા બદલ દરિયો તને ઈશ્વર નહીં આપે.

તું ખુદના ઠીક, બીજાનાય આંબા કાપ કાયમથી,
સજાવી ફૂલનો ગજરો તને ઈશ્વર નહીં આપે

હવાની વાત કેવી ? કદ મુજબ ફૂલે બધા ફુગ્ગા,
નથી જો દમ, કોઈ દરજો તને ઈશ્વર નહીં આપે

તું માણી લે મળેલી ક્ષણ મજેથી જીવલા આજે જ,
ગયેલો સમય-કટકો તને ઈશ્વર નહીં આપે.

જો નડશે તો તને નડશે તારા કરમ 'મેહુલ',
કરી લે નોંધ કે ફટકો તને ઈશ્વર નહીં આપે ફક્ત

- મેહુલ ભટ્ટ

@Gujratimagazines

એ જ પીડાઓ મળી છે once more,
તોય મધ જેવી ગળી છે once more.

દેવલા દિલના બધા ઝૂમી જતાં,
ઘંટડી એ સાંભળી છે once more.

છે તને શંકાય બીજા પર અને
હાથમાં મારા સળી છે once more,

વ્હેણ પણ ખોવાય ગ્યા'તા રેતમાં,
એ નદી પાછી વળી છે once more,

જે સમયના fridgeમાં જામી હતી,
લાગણી એ પીગળી છે once more,

કાગળો વચ્ચે છુપાવી'તી છતાં
ઊર્મિ એ સળવળી છે once more,

ક્યાં દિવાના થઇ જતાં પણ આવડ્યું ?
તોય ઊંચી આંગળી છે once more,

બસ બની રાધા તું દોડી આવજે,
શબ્દે-શબ્દે વાંસળી છે once more,

- મેહુલ ભટ્ટ

@Gujratimagazines

કૈં કહો તો સાદ જેવું લાગશે,
કાં પછી વેરાન જેવું લાગશે

આંખમાં જો ચાંદની આંજી હશે,
તો જ એ મુખ ચાંદ જેવું લાગશે.

આંખમાં અંધાર જો વ્યાપેલ હો,
દોરડું પણ સાપ જેવું લાગશે

આટલી ના ગામની પંચાત કર,
જીવવું અખબાર જેવું લાગશે

- મેહુલ ભટ્ટ

@Gujratimagazines

હતી સ્વપ્નમાં એ પરી છે મજાની,
હૃદય સોંસરી ગઇ છરી છે મજાની.

હૃદય-રક્ત સીંચેલ ફૂલો ધર્યા'તા,
ને એણે કહ્યું ટોકરી છે મજાની.

છો સાજન કહીને બનાવે છે મામો,
છતાં દિલ કહે 'છોકરી છે મજાની'.

પડ્યો બોલ ઝીલે હજી ડોસલાનો,
એ વ્હાલુંકડી ડોકરી છે મજાની.

- મેહુલ ભટ્ટ

@Gujratimagazines

ક્યાં લગી આ પણ ને બણ,
એક, બે ને સાડા ત્રણ.

ક્યાં મળ્યાં એ ક્યાંય પણ,
છે ગઝલ છેલ્લું શરણ.

કાટ ચડશે ત્રાજવે,
છોડ મારું તારું ગણ.

રાહ કંડારે નવી,
પણ ગમે ઘેંટાનું ઘણ.

માનવી એક જ બધા,
કેમ કર વર્ગીકરણ ?

છે અકળ આ જિંદગી,
જ્ઞાનથી પર છે મરણ !

સાપ ભીતર સળવળે,
છૂટશે ક્યારે ગ્રહણ ?

વ્યર્થ છે દોડવું,
પણ છે કાબૂમાં ચરણ ?

ભજ ગમે એ રૂપને,
વ્યર્થ છે પૃથ્થકરણ.

- મેહુલ ભટ્ટ

@Gujratimagazines

રાહ વચ્ચે છેહ હું આપું નહીં,
પણ ગમે નૈ તો કદી આવું નહીં.

આગ રસ્તે પાથરી તું સાદ દે,
હું છતાં પાછા ચરણ વાળું નહીં.

શક્યતાથી પર સદાયે હોય છે,
તોય તારી વાત હું ટાળું નહીં.

સાંભળ્યું છે સ્વપ્ન પણ સાચાં પડે,
જોઉં નૈ હું ત્યાં લગી માનું નહીં.

પાનખરની બીકથી જે થરથરે,
ઝાડ એવું આંગણે વાવું નહીં.

- મેહુલ ભટ્ટ

@Gujratimagazines

વિચારોમાંય કોક દી તું આવ, તો ભયો ભયો !
ટપાલ સાવ કોરી મોકલાવ, તો ભયો ભયો !

પ્રવાહ એકધારો હોય શૂન્યતાનો રાતભર,
અને તું સ્વપ્નમાં જો ઝંપલાવ, તો ભયો ભયો !

વિવશ નયન, વિવશ ચરણ વિવશ સમયને આપણે,
વિવશતાનાં આ વાદળો હટાવ, તો ભયો ભયો !

આ અંતહીન દોડ ને દિશાય સૂઝતી નથી,
ન હાથ ઝાલ, ઠોકરે ચડાવ, તો ભયો ભયો !

પ્રણય હૃદયનો જોઈ તું શકે, એ શક્યતા નથી,
હવે હૃદયનાં વાંક પણ બતાવ, તો ભયો ભયો !

- મેહુલ ભટ્ટ

@Gujratimagazines

શું ખબર દિલ આટલું વંઠી જશે ?
માનતો'તો કે હવે સમજી જશે.

યત્ન તજ, એ પૂંછ સીધી નૈ કરે,
આવશે જો જાત પર કરડી જશે.

સંગ્રહી રાખ્યા છે તેં વરસોથી પણ
તારા સગલા કોક દી ડંખી જશે.

ખુદના પાળેલા ભ્રમો હિંસક બને,
બહુ ગળે વળગાડ મા, ભરખી જશે.

ડંખ નૈ તો કાંઈ નૈ, ફૂત્કારજે,
જો નહીંતર કોઇ પણ કનડી જશે.

- મેહુલ ભટ્ટ

@Gujaratimagazines

"શાયદ કરોળિયાનો આ પહેલો પ્રયાસ છે,
તેથી હવાનો બે ઘડી થોભેલ શ્વાસ છે."

ગઝલયાત્રાનાં પહેલાં મુકામે આ પુસ્તકનું પ્રાગટ્ય આનંદની અનુભૂતિ છે ! અહીંથી આગળ યાત્રા વધે કે ન વધે પણ આ પુસ્તક મારા જીવનનું એક સીમાચિહ્ન બની રહેશે. બે ઘડી અહીં બેસીને કેટલાય ચઢાણનો થાક ઉતારવાનો આનંદ માણવાલાયક ખરો !! અને સહુથી અગત્યનું તો કેટલાય હાથ અને ખભાને સ્મરી લઉં જેના સહારે અહી પહોચવું શક્ય બન્યું.

જે વાંચન તરફ દોરી ગયા, પ્રેમ અને લાગણીનો અમૂલ્ય વારસો આપી ગયા એવા પિતા છનાલાલ અને માતા સરોજબેન.... જીંદગીની યાત્રા દરમિયાન તાપથી બચાવવા અને મારગને ટાઢો પાડવા મારા પગલાંથી એક પળ અગાઉ જે પથરાય એ મારો પડછાયો, દીપ્તિ ..

ગઝલ વિશ્વથી ૨ વર્ષ પહેલાં સાવ અજાણ હતો. એનો પરિચય આપવા ગઝલ ગલીનાં ખૂણે લેમ્પ-પોસ્ટની જેમ ઉભા રહી અજવાળુ પાથર્યું તેવી મિત્ર બીના સાવલા..

ફેસબૂક ન હોત તો આ પાનું લખાયું જ ન હોત !! મળેલા જીવમાં સમ-સુખિયા જીવો સાથે પાબંદી વિનાની તૂકબંધી કરતાં જે મળ્યું એ અમૂલ્ય છે !! વિજય મકવાણા, આજે આ જે કંઈ પામ્યો એ તમારા પ્રતાપે..બધા જ મળેલા જીવનો આ ચસકેલ આભારી છે !!

એક પછી એક ભાળ મળતી ગઈ અને ખજાનાની ચાવી 'ગઝલ તો હું લખું' હાથ લાગી !! તજજ્ઞોની દોરવણી, સાથ સહકાર મળ્યો આ પુસ્તકનાં સહભાગી મિત્રો મળ્યાં. એક ઈચ્છા જાગી, ગઝલ હુંય લખું સ્વાનુભવ ને નિરીક્ષણ દ્વારા દિલમાં ઘરબાયેલા, વારંવાર ઘૂંટાયેલા પ્રસંગોનાં પડઘા ગઝલમાં રજૂકરી હળવાશ અનુભવું છું. અને ગઝલમાં ધબકતા ખુદનાં શ્વાસ અનુભવું છું. ખુદ વિશે આ સિવાય શું કહેવું ? ગઝલ વિશે એટલું કહીશ....

"કેફમાં ડૂબ્યા, અમે ચકચૂર થઈ,
ખુદ બની છે ખુદનો ઉતારો ગઝલ...."

ભાવેશ શાહ
બી-૨૦૧, વીણા ક્લાસિક,
મોદી પાર્ક, ઈરાની વાડી રોડ-૩,
કાંદીવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૭
મો.

@Gujratimagazines

લિટમસ, પેપર લઈને હું ફરું છું,
નિર્ણયો જાહેર કરતાં હું ડરું છું.

ખાલ ઓઢીને, છુપાવું છું અસલિયત,
સિંહ ક્યાનો ? ઘાસચારો હું ચરું છું.

વાહ ! સાથે થાય ફરમાઇશ દુબારા,
નિજ વ્યથાની વાત જ્યારે હું કરું છું.

મોતને નાથી શકું, હાંકી બડાશો,
કરગરીને, જિંદગીને હું વરું છું.

તળનો પથ્થર છું હું ગુમનામીનાં જળમાં,
લાશ થઇ ચર્ચા-સપાટીએ તરું છું.

- ભાવેશ શાહ

@Gujratimagazines

આંખ જ્યારે મૌનને વાચા ધરે છે,
મૂક શબ્દો લાગણી ભેળાં ઝરે છે.

પ્રેમની મોસમનો ઈંતેજાર કરતાં,
એક ચાતક રોજ વાદળને વરે છે.

પ્રેમમાં એનાં, અનોખી છે વિરક્તિ,
એક ભમરો પાંચ ફૂલો પર ફરે છે.

ડૂબવાની લાંગરેલી સો હકીકત,
એક સપનું દિલમાં જ્યારે અવતરે છે.

વ્યર્થ છે સઘળી દલીલો દર્દ કેરી,
આગમાં આશિક સુખે સળગી મરે છે.

- ભાવેશ શાહ

@Gujratimagazines

કસ લઈ બે, શેરનાં ઠૂંઠા મેં ફેંક્યાં,
વીંધું ક્યાંથી ? શબ્દ તો બુઠ્ઠાં મેં ફેક્યાં.

છેતરી ન જાય, આદર હોય જેનો,
કરથી કાપી બેય અંગૂઠા મેં ફેક્યાં.

મોત આવ્યું ગૂંગળાતો શ્વાસ લઈને,
છેક ત્યારે મુખવટા જુઠ્ઠાં મેં ફેક્યાં.

આ હથેળીમાં હતું સપનું ઉછેર્યું,
દાટવા એ લૂણનાં મુઠ્ઠાં મેં ફેક્યાં.

ના કશો સંબંધ મારો ને ગઝલનો,
નામ દઈ મોટું ફક્ત પૂઠાં મેં ફેક્યાં.

- ભાવેશ શાહ

@Gujratimagazines

હિમંતથી માંગો હક, આ કરગરવું શાને ?
હોય ગગન, તો પિંજરમાં ફડફડવું શાને ?

સેવીને પણ સેવ્યા બસ પોકળ અરમાનો,
પાંખો માંગી ઉકરડે બણબણવું શાને ?

સાચાં કરવા હામ નથી, શીદ જુઓ સપનાં ?
નિંદરનાં ખાબોચિયે ખદબદવું શાને ?

ખોટી હોડ બકી છે કાબુ સમયને કરવા,
ડર હોય અગર ગતિ નો તો હણહણવું શાને ?

નિશ્ચેતન જીવ્યા ને મરવુંયે નિશ્ચેતન,
અંતિમ શ્વાસે ઈચ્છાનું તરફડવું શાને ?

સંબંધોને તરછોડી ઊભા યશની ટોચ,
આમ હવે સાવ અટૂલા ફરફરવું શાને ?

- ભાવેશ શાહ

@Gujratimagazines

માનવી પરખાય એવી આંચ લાવ્યો છું,
ઝાંય ન બદલાય એવું સાચ લાવ્યો છું.

એ ખુદા મેં ખુદ સરીખો જો તને ગણ્યો ,
આદમી હરખાય એવી લાંચ લાવ્યો છું.

એકને, ક્યાં માનભેરે જાળવી શક્યો,
તોય ઇન્દ્રિયો શું કામે પાંચ લાવ્યો છું.

કોઇ રીતે તૃપ્ત મારે તોય કરવી છે,
છીછરી તૃષા ને લાંબી ચાંચ લાવ્યો છું.

મોત આવીને, હિસાબો ચોપડે મૂક્યા,
મુદ્દલે વધ્યું એ પોકળ ટાંચ લાવ્યો છું.

- ભાવેશ શાહ

@Gujratimagazines

હોય મધ ને થાય બણબણ દામનો ઘોંઘાટ છે,
છીછરી ઓળખ છતાં પણ નામનો ઘોંઘાટ છે.

રોજ આવી છેતરે છે ધર્મ કેરા નામથી,
મૃગ માયાવીએ, માંડ્યો રામનો ઘોંઘાટ છે,

તું તો અજવાળાને આપી જો ચુનોતી એકલો,
સાંજ ઢળતા ખોખલા આ તામનો ઘોંઘાટ છે,

રોજ ઉગવું, રોજ મથવું, રોજ ચરવું ક્યાં લગી ?
રોજનીશીમાં જ ખોટા કામનો ઘોંઘાટ છે,

સ્થિતપ્રજ્ઞ હોય અદ્દકું ઠીકરુંયે જ્ઞાનનું,
ફક્ત આ અડધાં ભરેલા ઠામનો ઘોંઘાટ છે.

- ભાવેશ શાહ

@Gujratimagazines

સંબંધોની કરચે, ઉઝરડા અપાશે,
વહી વેદના તો સરોવર ભરાશે.

નસીબે કહાની ક્યાં પૂરી લખી છે ?
પછીની પ્રણય નહિ, અગનથી લખાશે.

તમે જે રમતને અધૂરી મૂકી છે,
સમય દાવ લેશે પછી ના રમાશે.

ભલે એ સજા સંભળાવીને ચાલ્યા,
અમારા મતે, ફેર અરજી કરાશે.

બની દૂર મંજિલ મારી તમારી,
મજલ જિંદગીની હવે શેં કપાશે.

તમે છેહ આપ્યો બની સાવ અંગત,
હવે બસ ગઝલને સહારે જિવાશે.

હશે એ જ કારણ, મળી છે અધૂરપ,
તરસ જો બુઝાશે તો મૃત્યુ ગણાશે.

- ભાવેશ શાહ

@Gujratimagazines

એનાં ઉદય સાથે જ મારો અસ્ત છે,
ઉગ્યો અહમ નો સૂર્ય, સઘળું ધ્વસ્ત છે.

તકદીરની રેખા હથેળીમાં ચહું,
તેથી ઘણાં કમજોર, મારા હસ્ત છે.

ઘડપણ, જુવાની, બાળપણ ને ગર્ભમાં,
ઈચ્છા સદા ઉંધી દિશામાં વ્યસ્ત છે.

મંદિર અને મસ્જિદ મહિ છે કેદ તું,
તારી ઉપર ઉમદા ઠગોની ગશ્ત છે.

દુર્ભાગ્ય તડકાનું કે માંગ્યો છાંયડો,
માંગો ફકીરી તો બધુંયે મસ્ત છે.

- ભાવેશ શાહ

@Gujratimagazines

વહી જાતા સમયને સ્થિર કરવાનાં,
નદીને કોડ જાગ્યાં વૃક્ષ બનવાનાં.

પિપાસા હોય તે ઊંડાણને પામે,
ને પોકળ તો ઉપરછલ્લું જ તરવાનાં.

પછી વાગોળશું જીવનને ફુરસદમાં,
અમે ઉતાવળે બસ વ્યર્થ ચરવાનાં.

હવે આ ચોર ખિસ્સા તો કરો ખાલી,
કે લાલચને કફનમાં શીદ્ ભરવાનાં.

ભલું બે-ચારનું, ના, આવડ્યું કરતાં,
અભરખા રાખવા શું ચક્ર ઘરવાનાં.

- ભાવેશ શાહ

@Gujratimagazines

તારી આંખોમાં ઊંડી એક વાવ છે,
ને એમાં ડૂબવું મારો સ્વભાવ છે.

મારી આંખો કરે મીઠા ઉજાગરાં,
મારા સપનામાં તારી આવજાવ છે.

કેમે હું કાબુમાં રાખું આ લાગણી,
તારા હૈયા તરફ એનો ઢળાવ છે.

તું મારી રોશની ને હું પતંગિયું,
તારો મારો ભવોભવનો લગાવ છે.

લીલો રાખે તું આ હૈયાના ઘાવને,
જાણે તાજો બનેલો એ બનાવ છે.

- ભાવેશ શાહ

@Gujratimagazines

હું ટેરેન્સ જાની

નડીયાદનો વતની ઉમર વર્ષ ૨૫

વ્યવસાયએ એક પ્રાયમરી શિક્ષક છું. ગઝલ તરફ કેવી રીતે વળ્યો.....

એકવાર પી.ટી.સી. કોલેજમાં બેઠેલા હતો, ત્યાં એક છોકરો આદિલ સાહેબની 'મળે ના મળે' બુકમાંથી જોઈને બોલતો'તો તે મને ગમી ગઈ અને મેં એ બુક લીધી અને આખી બુક વાંચી નાખી.

એવી રીતે ટોટલ ૨૧ બુક વાંચી એમાં તમામ શાયરો આવી ગયાં...

ત્યાં સુધી ખબર જ નહોતી કે ગઝલો છંદમાં લખાય છે, પછી ફેસબૂક પર આવ્યો ત્યાં બધી વાંચેલી ગઝલોના સ્ટેટસ અપડેટ કરતો રહ્યો, નીચે શાયરના નામ વગર અને અમુક વાર તો મક્તાના શેરમાં શાયરના નામની જગ્યાએ મારું નામ મૂકીને પણ સ્ટેટસ અપડેટ કરતો, ત્યારે હું લખતો નહોતો અને લ ગા શું એ પણ ખબર નહોતી, પછી યોગેન્દુ જોષી જોડે મિત્રતા થઈ ફેસબૂક પર -કવિઓમાં મારા પ્રથમ મિત્ર એ એમની ગઝલોની ઉપર છંદ લખતા હતા.

મેં એમને પુછયું કે આ લ ગા એ શું છે, એમણે કહ્યું કે છંદ કહેવાય.

લ=લઘુ ગ=ગુરુ

પછી 'ગઝલ તો હું લખું' ગૃપની શિબિરમાં ગયો અને ત્યાં છંદનું થોડું જ્ઞાન લીધું....

પછી મારી પાસે એક બુક ગઝલ : રૂપ અને રંગ એમાંથી વાંચીને શીખ્યો અને આ રીતે ગઝલ લખતો થયો.

મગનભાઈ મકવાણા એ ગઝલ શીખવવામાં ઘણી મદદ કરી.

@Gujratimagazines

વેદના જ્યાં ઓગળે લઈ જઉં તને,
કોઇ એવા મયકદે લઇ જઉં તને.

જો અનુભવ કરવો હો તોફાનનો,
કોક ભીની પાંપણે લઇ જઉં તને.

એ જ બસ ઉપચાર બાકી છે રહ્યો,
મંદિરે-ગીર્જાઘરે લઇ જઉં તને.

મોત જેવી મોત પણ કંપી ઉઠે,
જિંદગીની એ હદે લઇ જઉં તને.

વેંત જેવો લાગશે બુલંદ અવાજ
મૌનના એ શિખરે લઇ જઉં તને.

તો પછી 'સાહેબ' 'ગાલીબ' થઈ જશે,
જો કદી હું કાગળે લઇ જઉં તને.

- ટેરેન્સ જાની

@Gujratimagazines

આખરી જે છે તે મયને સાચવીને રાખજે,
શાન તારી પીઠ જઇને સાચવીને રાખજે.

હાથમાં તારા તું બળને સાચવીને રાખજે,
તે છતાં પણ તું અકલને સાચવીને રાખજે.

ખીલી ઉઠશે ખીલી ઉઠશે ફૂલ એમાં પણ ઘણા,
તું સૂકાયેલા આ રણને સાચવીને રાખજે.

કે ગરમ થઇ જાય ના લોઢું બરાબર, ત્યાં સુધી,
હાથમાં ઉંચકેલ ઘણને સાચવીને રાખજે.

ફિર બસા લેંગે અગર કુત્તે પે સસ્સા આ ગયા,
રોજ મરતા આ નગરને સાચવીને રાખજે.

નામના ને દાદ ઓ 'સાહેબ' એ તો વ્યર્થ છે,
તું ફક્ત તારી ગઝલને સાચવીને રાખજે.

- ટેરેન્સ જાની

@Gujratimagazines

જે હતા દુશ્મન હવે તે યાર છે,
મતલબી આખોયે સંસાર છે.

રાહ જોવી કેટલી સુખની હવે ?
જ્યાં દિવસ આ જિંદગીના ચાર છે.

મેળવે છે કંટકો માણસ અહીં
લાશને તો ફૂલનો શણગાર છે.

જે વહે છે આંખમાંથી આંસુઓ
પીઠની પાછળના એ તો વાર છે

જિંદગી આખી બળ્યો છું તોય કેમ ?
મોત વખતે પીંડ ઠંડોગાર છે.

- ટેરેન્સ જાની

@Gujratimagazines

પામવા જેવું કશું પણ નથી,
રાખવા જેવું કશું પણ નથી.

શું કરું રેતીને ફેંદીને હું,
શોધવા જેવું કશું પણ નથી.

દાસ થઇ બેઠા છે શબ્દો છતાં
બોલવા જેવું કશું પણ નથી

જિંદગી કસકોલ લઇ ઉભી છે
મૂકવા જેવું કશું પણ નથી

પ્રેમ નાહક તું હવે માંગ ના
આપવા જેવું કશું પણ નથી

શ્વાસ આ 'સાહેબ' ત્યાં પણ લે છે
જ્યાં હવા જેવું કશું પણ નથી

- ટેરેન્સ જાની

@Gujratimagazines

મુહોબતમાં પડવાની વાતો કરો છો !
તમે પણ શું મરવાની વાતો કરો છો !

પ્રણયનો સમુંદર જહાજો ડૂબાડે,
અને આપ તરવાની વાતો કરો છો !

ગઝલના અશઆરોય પાણી ભરે છે,
તમે જ્યારે રડવાની વાતો કરો છો !

વફા, દોસ્તી પ્રેમ ને લાગણીઓ,
બધી આ તમે શાની વાતો કરો છો !

અધૂરો પ્રણય ને સુરાહી ઓ 'સાહેબ',
કદી એની કે આની વાતો કરો છો !

- ટેરેન્સ જાની

@Gujratimagazines

દિલ મહીં તારા સ્મરણના ભારથી
જીવતો લાગું ફક્ત હું બ્હારથી

આ દિલાસાની જરૂર પડતી નથી,
હું ગઝલ લખતો થયો છું જ્યારથી.

ઓ ખુદા દુઃખ દે તો પારાવાર દે,
કૈ ફરક પડતો નથી બે-ચાર થી.

લાલજોડામાં સજેલી જોઈને,
હું વળ્યો પાછો સનમના દ્વારથી.

હોઠ આ 'સાહેબ'ના મલકી ઉઠ્યા,
ભૂલ થઇ લાગે છે તારણહારથી.

- ટેરેન્સ જાની

@Gujratimagazines

કરતાલ, એક કલમ અને દીવાન નીકળ્યો,
મારા ઘરેથી આટલો સામાન નીકળ્યો.

દુનિયા પૂજી રહી હતી જેને ખુદારૂપે,
જન્નતમાં એ જ માણસ હેવાન નીકળ્યો.

લોકો પુરાઈ ગ્યા છે શું તારા નગર મહી,
આવ્યો'તો જ્યારે હું તો ફક્ત શ્વાન નીકળ્યો.

ઝાહિદ મને હવે તું કહે કે હું શું કરું,
મસ્જિદમાં ખુદ ખુદા જ પરેશાન નીકળ્યો.

'સાહેબ'ની સુરાહી તો એવી જ રહી ગઇ,
એક જ હતો જે દોસ્ત મુસલમાન નીકળ્યો.

- ટેરેન્સ જાની

@Gujratimagazines

આંખોમાંથી તે ખ્વાબ લઇને જતો રહ્યો,
લાગ્યું કે આફતાબ લઇને જતો રહ્યો.

ઝાહિદ આ શેખે તો કરી જન્નતની ઝંખના,
તરત જ હું ત્યાં શરાબ લઇને જતો રહ્યો.

રસ્તામાં તેને ત્યાર પછી કંટકો મળ્યા,
જે બાગથી ગુલાબ લઇને જતો રહ્યો.

નમ આંખ, કાંપતા અધરો એમના હતા,
જેવો મળ્યો, જવાબ લઇને જતો રહ્યો.

- ટેરેન્સ જાની

@Gujratimagazines

ક્યાં હું કહું છું કે કિનારો જોઈએ,
પણ તણખલાનો સહારો જોઈએ.

દિલના આ જખ્મોને પણ વેચી શકાય,
ક્યાંક એવાં પણ બજારો જોઈએ.

કંટકો પર ચાલવા હું રાજી છું,
ને તું કહે છે કે ઉતારો જોઈએ.

હું વિચારીને હવે થાકી ગયો,
આપના થોડા વિચારો જોઈએ.

તારા હાથે આવી ગઝલો ના લખાય,
હાથ ઓ 'સાહેબ' મારો જોઈએ.

- ટેરેન્સ જાની

@Gujratimagazines

મે આ જાલિમ દુનિયા જ્યારથી છે પારખી લીધી,
ન બનવાનો હું સારો એ કસમ મે ત્યારથી લીધી.

હૃદય આપીને આવ્યો હું દાનમાં આજે સનમને હું,
પુરાવો ન લીધો કોઈ ના કોઇ પાવતી લીધી.

દીધી નહિ દાદ તારી બેવફાઈના અશઆરો પર,
સભાએ લાજ મારી એ રીતે બસ સાચવી લીધી.

પછી ઓ નાખુદા શું આવશે મારી સફરનો અંત ?
તુફાનોમાં જવાનું ને તેં કાણી નાવડી લીધી.

ફક્ત બે-ચાર દિવસોના પ્રણયને ભૂલવા માટે,
ખરા છો આપ પણ 'સાહેબ' આખી જિંદગી લીધી.

- ટેરેન્સ જાની

@Gujratimagazines

મિત્રો, મારું નામ મેહુલ ઉપેન્દ્રભાઈ પટેલ, મૂળ સુરતના કોસાળ ગામનો વતની હાલ રહું રાંદેર, ઉંમર ૨૯ વર્ષ, હું મૂળ રીતે વિજ્ઞાન પ્રવાહનો વિદ્યાર્થી સાહિત્ય સાથે કોઈ લાંબી લેવા દેવા નહિ પણ બાળપણથી ગઝલ કવિતાનો શોખ તેમાં ખાસ કરીને ગુજરાતી ગઝલોનો ભારે શોખ ગુજરાતી ગઝલો ને લોકો સુધી પહોચાડવામાં નોંધપાત્ર ફાળો આપનાર ગઝલ ગાયક મનહર ઉધાસની ગાયેલી ગઝલોને કારણે ગુજરાતી ગઝલકારોથી અવગત થયો, લગભગ વર્ષ ૨૦૧૧ માં મેં મારી પ્રથમ ગઝલ (તૂકબંધી) જેવી) લખી અને ફેસબૂકના માધ્યમથી મિત્રો સમક્ષ મૂકી, ફેસબૂકના માધ્યમથી જ સ્વ. આદીલ મન્સૂરી સાહેબનાં ભત્રીજા તાહા મન્સૂરી જોડે મિત્રતા થઈ અને બીજા કવિ મિત્રો મળ્યા જેમની સાથે રહીને ગઝલને તેના અસલ રૂપમાં ઓળખતો થયો.

દરમ્યાન તાહા, સૌરભ અને અન્ય મિત્રો દ્વારા આયોજિત તોફાની ત્રિપુટીના મુશાયરા માં નવોદિત કવિ તરીકે મંચ પરથી ગઝલ પઠન કરવાની પ્રથમ તક વર્ષ ૨૦૧૨ના એપ્રિલ માસમાં મળી અમદાવાદના સાહિત્ય પરિષદ ખાતેના આ મુશાયરા બાદ ગઝલ પ્રત્યે ગંભીરતા આવી અને સારું લખવા પ્રેરાયો ઉત્સાહમાં આવીને મેં મારું તખલ્લુસ ઈશ રાખી દીધું જે નિભાવવું ખુબ અઘરું હોવાની જાણ થાય ત્યાં સુધીમાં એ તખલ્લુસ મારી સાથે ચોંટી ચૂક્યું હોવાથી અપનાવી લીધું હાલ પણ ગઝલ લેખનનો વિદ્યાર્થી છું અને શીખુ છું

હું મારા કવિ હોવાને કેંક આ રીતે મૂલવું છું

"કવિતાના દવાખાને હજી તો આંખ ખોલી છે
તખલ્લુસ ઈશ રાખી ને બની બેઠેલ ઈશ્વર છું !"

બસ એ જ અસ્તુ,

મેહુલ પટેલ
રાંદેર, સુરત

@Gujratimagazines

હકીકત જીવનની કરુણતા સભર છે,
અમારી બાબત ગઝલને ખબર છે.

જરા ધડકનોને તપાસી કહો તો,
ક્યા રોગની અમને અસર છે !

ફકીરોની સોબત ખરો રંગ લાવી,
નજર જ્યાં પડે ત્યાં અમારું જ ઘર છે !

અઝાનો થકી કાં ખબર આપે ખુદાની,
ભૂલી જાશે લોકો, શું તુજને એ ડર છે !

નથી કોઈનો ને બધાનો છું માણસ,
તખલ્લુસ અમારું ક્યાં કારણ વગર છે !

- મેહુલ પટેલ

@Gujratimagazines

વિશ્વાસ છે મને હજી મારા કમાલ પર,
બાજી ટકેલ હો ભલે આખરની ચાલ પર !

બસ, એટલી જ વાતથી આભાર થઇ જશે,
કરવી જ હો મદદ મને, છોડી દે હાલ પર.

આશા અમનની શું કરું એવી જગા ઉપર,
સટ્ટો રમી રહ્યા હો જ્યાં લોકો ધમાલ પર !

અંધારનું શું મૂલ્ય છે સમજી જઈશ તરત,
ઘોળો લીસોટો કર જરા, ઘોળી દીવાલ પર !

એવું તે શું પૂછી ગયો ઈશ્વરના નામથી
પ્રશ્નો હસી રહ્યા છે કાં મારા સવાલ પર ?

- મેહુલ પટેલ

@Gujratimagazines

જીવન હાથમાં છે, મરણ છે ગજામાં,
પૂછે જો કોઈ તો કહું છું મજામાં !

તને હો મુબારક પ્રભુની ચરણરજ,
મને રસ પડ્યો છે ફરકતી ધજામાં.

સનમની કરામત અજબ રીતની છે,
નયનમાં ડૂબે છે, મળે કાળજામાં.

હજારો કરો કે કરો લાખ ગુના,
ફક્ત એક લાઠી પડે છે સજામાં.

સનાતન જગા પર લઇ લે વિસામો,
મજા શું મળે છે સતત આવ-જામાં.

- મેહુલ પટેલ

@Gujratimagazines

ન જીતી શકું તો પરતથી રમુ છું,
બધું હારવાની નિયતથી રમું છું !

મુકદ્દરનાં પત્તાં તદ્દન પાંગળા છે,
બહુ સાચવીને સિફતથી રમું છું !

ચકાસો નહિ કે જુગારી છું પાકો,
પ્રભુનીય સાથે શરતથી રમું છું !

નજરથી નજરનો ઈરાદો કળી લઉં,
નવા છો તમે હું વખતથી રમું છું !

બિછાવી રહ્યા છો મગર ખ્યાલ રાખો,
મળે બંધ બાજી તરતથી રમું છું !

- મેહુલ પટેલ

@Gujratimagazines

ભલે સજ્જનની સોબતમાં રહું માણસ હરામી છું,
તબાહી અંત છે મારો હું રોકેટની ખરાબી છું !

ગળે મળવાની ઈચ્છાને દબાવી રાખ તું દિલમાં,
શરીરે બોમ્બ બાંધીને ઉભેલો આત્મઘાતી છું !

નપાવટ લોક ભગો થઇ મને ઉથલાવવાના શું ?
નથી સરકાર ભારતની હું યોગીની પલાંઠી છું !

દુકાનો પર ઘસારો જોઇને અંદાજ મારો તો,
ખરીદી ઈદની છું કે દિવાળીની ઘરાકી છું ?

વતન પર જાન દેનારા મને તારી સનમ ના ગણ,
મરણની બાદ મળવાની હું તોપોની સલામી છું !

મુલાકાતે પ્રથમ હું આપને ફંફોસવા માંડું,
મિલન દિલબરનું ક્યાં છું હું તો પોલીસની તલાશી છું !

- મેહુલ પટેલ

@Gujratimagazines

'મરીઝ'ના શેર, 'ઘાયલ'ની જુબાની લઈને આવ્યો છું,
ગઝલલેખનની ગુજરાતી કહાની લઈને આવ્યો છું !

ર.પા.' ના લઇ રદીફો, કાફિયા લીધા મેં 'શયદા'ના,
ગઝલ લખવા 'ગની'ની મે'રબાની લઈને આવ્યો છું !

રજુઆતો બધી 'આદિલ' સમી, ને 'શૂન્ય'ની વાતો,
નવામાં એ જ કે જૂની નિશાની લઈને આવ્યો છું !

'ખલીલ' 'ઈર્શાદ' કહીને દાદ તો દો મારી હરકત પર,
હું શેર-એ-મક્તામાં 'બરકત વીરાણી' લઈને આવ્યો છું

- મેહુલ પટેલ

@Gujratimagazines

રમત શું કરો છો કિનારાની સાથે,
ડૂબી ને બતાવો ઈશારાની સાથે !

ન આંબી શકાશે ગગનની બુલંદી,
કરીને પરિચય મિનારાની સાથે.

સળગતું હતું પણ હતું એ જ જીવન
ઉડી જે ગયું છે તિખારાની સાથે !

જીવન ઝેર છે તો જઈશ હું પચાવી
ઉભા તો રહો પણ પીનારાની સાથે.

બહુ કિંમતી છે, સનાતન છે વાતો
કરી જે ગયો હું લવારાની સાથે !

જીવનની કવિતા બને કેવી સુંદર !
લખું જો ફરીથી સુધારાની સાથે .

- મેહુલ પટેલ

@Gujratimagazines

એક સાથે સેંકડો લોકોની હત્યા થાય છે!
રણભૂમિમાં કૃષ્ણમુખે કોણ ગીતા ગાય છે?

પાપ પુણ્યોની ગણતરી માંડતાની સાથમાં,
ગત જનમના સૌ હિસાબો યાદ આવી જાય છે.

આપ માણસજાત પૂરતી છે બીમારી ધર્મની,
સિંહ તો પૂછતો નથી તું છે હરણ કે ગાય છે ?

ઓમ પર દાવો છે મારો, ૭૮૬ તને,
કોણ છે જે ક્રોસ પર આવીને લટકી જાય છે?

એક માલિક, એક દુનિયા તે છતાં વિખવાદ છે,
રોજ આ મંદિર ને, મસ્જિદ સામસામા થાય છે !

માનવી છું આજનો હું આજની વાતો કરીશ,
એ શું લખવાનો ગઝલ જે કાલમાં અટવાય છે.

ગા લ ગા ગા, ગા લ ગા ગા, ગા લ ગા ગા, માં લખ હવે,
આ જ પિંજર છે કે જેમાં પ્રાણને રેડાય છે !

- મેહુલ પટેલ

@Gujratimagazines

હકીકત જાણવા ખુદની અહી લાખો તરીકા છે,
અહીં હર માનવીની આંખમાં બબ્બે અરીસા છે,

કદી શેતાન માણસમાં મને દેખાય છે ઈશ્વર,
ઘણા શેતાન લોકોને કદી ભગવામાં દીઠા છે !

ધરમથી પણ અસરકર્તા વધુ કરફ્યુના આદેશો,
ઘડીભરમાં અમન, રસ્તે ફકત તૂટેલા શીશા છે !

બનીને સાર બંનેનો હજી ફાટે છે રમખાણો,
તને કુરાન મોઢે છે મને કંઠસ્થ ગીતા છે.

ન પડશો અર્થમાં એના, હજારો અર્થ મળવાના,
ગઝલ નામે બહુ આરામથી દોરેલા લીટા છે !

- મેહુલ પટેલ

@Gujratimagazines

માત્ર શબ્દોની જમાવટને ગઝલ કેવાય ના,
આ કલા ઈશ્વરકૃપા, એને કશે શીખાય ના.

વાંચતાંની સાથમાં ખુશ્બૂ ભરી દે શ્વાસમાં,
એ ગઝલ જોઈને શું ફૂલો પછી શરમાય ના ?

શબ્દના મોતી ગઝલમાં ધ્યાનથી મૂકો જરા,
એક પણ મોતી વધે ના, એક પણ ઢોળાય ના !

ખૂબસુરત એક ગઝલ વરસોથી છે આ કબાટમાં,
એ નવોઢાનો પિછોડો રોજ પે'રાય ના !

એકદમ બારીક નકશીકામ કરવું જોઈએ,
ભૂલ જેવું કંઈ ગઝલ સ્થાપત્યને પોસાય ના !

વિશ્વનું સૌંદર્ય હો કે હો છણાવટ 'ઈશ'ની,
એક દેખાડો વિષય ગઝલોમાં જે બંધાય ના !

- મેહુલ પટેલ

@Gujaratimagazines

"હું નહી હોઉં તોય રહેવાનો !
ક્યાંક તો હું ભરાઈ રહેવાનો ! "

પરિવારમાં કોઈ લખતાં નહોતાં તો પણ હું કેમ લખતો થયો એ વિચારે ભૂતકાળ તરફ નજર કરું છું તો અનેક પ્રસંગો સ્મૃતિપટ પર તરી આવે છે.

શ્રાવણ મહિનામાં ફળિયામાં મહાભારત વંચાય ફિટસન લાઈટસનાં અજવાળે કેટલીય રાતો, એ રાગ-રાગિણીઓને માણી છે. બાકી રહેલી કથા પિતાજી પાસેથી સાંભળવાની મજા પડતી. રાત્રે આંગણાંમા ખાટલો ઢાળ્યો હોય ને પિતાજી મહાભારતની કથા શરૂ કરે.....એકમાંથી બીજી વાર્તા ને બીજીમાંથી ત્રીજી....મૂળ વાર્તા ક્યાંય રહી જાય ને હું પણ....

અને માનસપટ પર સૌથી વધુ અસર હોય તો સાબરમૈયા સાથે સંકળાયેલા મીઠા સંભારણાં....! ઘોડાપૂર સમયની પરિસ્થિતિ, નદી કાંઠાની વાડીઓ, વીસ -પચ્ચીસ ફૂટ ઉંડી ભેખડો, ભેખડના બાકોરાંમાં કલબલ કરતાં પક્ષીઓ, માથાબૂડ પાણીમાં રમાતી વિવિધ રમતો, સામા પ્રવાહે તરવાની મજા, ગાય કે બળદના પૂંછડા પકડી, હોડીની રાહ જોયા સિવાય નદી પાર કરવાનો આનંદ - આ બધાએ સાહિત્ય સર્જન માટે અખૂટ કથા બીજ આપ્યા છે.

૧૯૯૨માં નોકરી મળ્યાં પછી લખવાનું શરૂ થયું. ૧૯૯૬માં 'ગતિશીલ શિક્ષણ' માં એક પ્રસંગકથા છપાઈ, જો કે એ વખતે ગદ્ય જ લખતો..એ પછી કેટલીક સાહિત્ય શિબિરોમાં જવાનો મોકો મળ્યો ને લેખનને કંઈક અંશે દિશા મળી. ૨૦૦૩માં દિવ્યભાસ્કર આવ્યું ને લેખનમાં વેગ આવ્યો. ૨૦૦૩ થી ૨૦૦૭ સુધી દિવ્યભાસ્કરમાં બાળવાર્તા, ટૂંકીવાર્તા, લઘુકથા, હાસ્યલેખ - એમ ઘણું પ્રકાશિત થયું. એ પછી ત્રણેક વર્ષ સુધી લેખન કાર્ય બંધ જ રહ્યુ. ૨૦૦૯માં ફેસબૂક પર આવતાં જ લાગણીઓ ઉછાળા મારવા લાગી. પણ થયું કે ફેસબૂક પર વાર્તા કોણ વાંચે ? અહી તો શાયરોની બોલબાલા છે ને પદ્ય લખવાની શરૂઆત કરી ફેસબૂક પરના નામી ગઝલકારોની ગઝલો માણતાં માણતા, ગઝલનાં છંદ શીખવાની પ્રબળ ઉત્કંઠા થઈ. છંદશાસ્ત્રનાં પુસ્તકો વસાવી જાતે જ મથ્યો ને કાચી- તૂટીફૂટી ગઝલો લખવાની શરૂઆત કરી.

હું જે લખું છું એની ખામી -ખૂબી શું ?એ જાણવાની મથામણમાથી થયો 'ગઝલ તો હું લખું' ગૃપનો ઉદ્‌ભવ... જેટલું પાસે હતું એટલું ગૃપમાં પીરસતો ગયો. મૂંઝાઉં ત્યાં શ્રી સંજુ વાળા, શ્રી ગૌરાંગ ઠાકર જેવા કવિમિત્રો પાસેથી ઉકેલ મેળવતો રહ્યો ને શીખતો રહ્યો. એ પ્રક્રિયા હજી ચાલુ છે...

મગન મકવાણા મંગલપંથી
આર-૩, સરદાર પટેલ સોસાયટી,
નવા અનાજ માર્કેટ યાર્ડની પાછળ, મઘીયા, ધોળકા.
જિ. અમદાવાદ - ૩૮૨૨૬૫ મો. ૯૯૭૪૯૨૮૯૩૨

@Gujratimagazines

રડું હું ગઝલમાં, હસું હું ગઝલમાં,
લખાવે છે કોઈ, લખું હું ગઝલમાં.

કરું શું? તડીપાર સપના કરે તો ?
છે ઠેકાણું એક જ, વસું હું ગઝલમાં.

લગાગા લગાગા નથી સહેલું દોસ્તો,
સતત જાત મારી ઘસું હું ગઝલમાં,

અદીઠો આ પમરાટ ગૂંજે હૃદયમાં,
હવામાં વહે એ, શ્વસું હું ગઝલમાં,

શરત એટલી કે હો છપના શી ક્ષુધા,
લે મન મારું આ, પીરસું હું ગઝલમાં,

- મગન મકવાણા

@Gujratimagazines

આજ આવે, કાલ આવે, મોત છો ને હાલ આવે!
આવશે એ જો છે નક્કી, વહેલું આવે છાલ આવે !

દ્વાર પર છોડી ગયા, દોસ્તો મને જે પાનખરનાં,
દોડતાં મળશે ગળે એ હૈયે નવલો ફાલ આવે !

ધારી ધારી જોઈ એને, ચિત્તમાં ઝીલી હતી મેં,
જોઈ અણધારી છલકતી, જિંદગી પર વહાલ આવે !

નીકળે છે એ સજી હથિયાર, લડવું પણ પડે તો ?
લૂંટર્ઈ કોઈ ભીના કેશે કામ ત્યાં નહિ ઢાલ આવે !

આ ગઝલ તો આમ ગામતરે જ ઉપડી જાત અમથી,
શ્વાસ ફૂંક્યો જે સવેળા એણે તેથી તાલ આવે !

- મગન મકવાણા

@Gujratimagazines

હા ને ના-ની અવઢવ છોડી દે !
વાદળ થઇ, મન મૂકી વરસી લે !

એ માણસનું કરવું શું મિત્રો ?
બદલી ચહેરો, બીજો ઓઢી લે !

રોજ સુદામો નહિ આવે ભગવન,
તું પણ સામે પગલે દોડી દે !

દરિયો ઘૂઘવતો છો મસ્તીમાં,
ઝાલ હલેસા ને એક હોડી લે !

જોઈએ જે પણ તારા કાજે,
મારા નામે આજ ઉધારી દે !

હાર ભલે હો ડગલે ને પગલે,
બાજી છેલ્લી એક સુધારી લે !

ઘોળે દહાડે જોઈને તારા,
'મંગલપંથી' ગાંઠ જ વાળી દે !

- મગન મકવાણા

@Gujratimagazines

દિવસો મારા પૂરા થયા,
શત્રુઓ એવા શૂરા થયા.

સપના વાવ્યાં હતાં પાંપણે,
આંખ ખૂલતા, જ ચૂરા થયાં.

દોસ્ત એવા સફરમાં મળ્યા,
ઢાલ ને કોઈ છૂરા થયા.

સાચવી ના શક્યો નાતા સૌ,
માવજત થઇ ના, તૂરા થયા.

શ્વાસ પણ ખૂટ્યા અધવચ પછી,
કામ આખર અધૂરાં થયા.

- મગન મકવાણા

@Gujratimagazines

રણકે પાયલ બારણામાં ને ગઝલ !
નીકળે એ આંગણામાં ને ગઝલ !

બસ, કલમને જ્યાં ગ્રહી હાથે જરા,
માત્ર શબ્દો ધારણામાં ને ગઝલ !

આ સફરનો થાક ના સહેજે મને !
એ હશે ઓવારણામાં ને ગઝલ !

જેમ તાવે એમ ભાવે તું મને,
હો સદા સંભારણામાં ને ગઝલ !

આ ઉદાસીનો છે એક જ એ ઉપાય,
એ વસે જો આપણામાં ને ગઝલ !

- મગન મકવાણા

@Gujratimagazines

સવાર આવી નિખાર લઈને !
હતાશ માટે ખુમાર લઈને!

સવાલ તારા જરૂર અઘરા,
જવાબ એકથી હજાર લઈને !

પ્રસંગના શ્રી ગણેશ કર તું,
ઉભું છે કોઈ ગુલાલ લઈને !

પ્રણયની છે આ કિતાબ એવી,
હિસાબ મળતાં પુરાંત લઈને !

ગઝલ છે મારી અધૂરી દોસ્તો,
નથી એ આવી સલામ લઈને !

- મગન મકવાણા

@Gujratimagazines

માગણીની લ્હાય લાગી હોય છે,
લાગણી તેથી જ ભાગી હોય છે.

યાદ તારી આમ મીઠી ને પછી,
ઝાળ અંગે અંગ લાગી હોય છે.

વાંસળીના સૂરમાં બહેકી સખી,
કોઈ વિરહી, કોઈ સુહાગી હોય છે.

બાંકડે એ બેસવાની છે મઝા,
નીંદ એને કાજ ત્યાગી હોય છે.

મન ભરોસો કાં કરે એ સંગનો,
પીઠ પાછળ વાત વાગી હોય છે.

- મગન મકવાણા

@Gujratimagazines

વર્ષાથી આવી વાજ સખી !
વાદળની છે બસ ગાજ સખી !

અમથા એમ નમે ના લોકો,
દિલ પર તો તારું રાજ સખી !

ફીક્કાં ખાંડે તારી આગળ,
છો સોળ સજાવે સાજ સખી !

કામણગારી નૈન કટારી,
કો ઘાયલ કો તારાજ સખી !

મક્તાના બહાને યાદ કરી,
સુધરી ગઈ જોને આજ સખી !

- મગન મકવાણા

@Gujratimagazines

એમ દાદાગીરી ચાલી છે હવે !
શેરની સમશેર તાણી છે હવે !

યાદ એની તો સતાવે એટલી,
પથ્થરોની સામે માગી છે હવે !

ભલભલા એના નશામાં ઝૂમતાં,
એવી શબ્દોથી મઢાવી છે હવે !

આ કલમથી મેં તબાહી ભોગવી,
એટલે આ બાદશાહી છે હવે !

તારે સાંભળવાની ધીરજ જોઇશે,
વાત એની દોસ્ત માંડી છે હવે !

- મગન મકવાણા

@Gujratimagazines

સાવ કોરાં ડગલાં અમથાં ઘડઘડે છે,
પાંદડાં આ એટલે તડતડે છે.

જીવું છું દોસ્તો સનમની એક યાદે,
આયખું નહિ તો સદા અહિ ભડભડે છે.

હોઠ રહેતાં છો બિડાયેલાં ગુલાબી,
લાગણી તો ઊંઘમાં પણ બડબડે છે.

સુખ ના માગ્યું મળતું દુઃખ તો એવાં આવે !
એ જ વાસ્તે હૈયું સૌનું ફડફડે છે.

જાળવ્યું જે જોબનિયું જીવ જેમ જ,
વાદળું એ બસ વરસવા હડહડે છે.

- મગન મકવાણા

@Gujratimagazines

સૌ પ્રથમ ગઝલ સાંભળી હોય અને યાદ હોય તો એ જય શંકર સુંદરી હોલ અમદાવાદમાં પુરુષોત્તમભાઈના કંઠમાં ગની દહિંવાલાની અમર રચના 'દિવસો જુદાઈના જાય છે' જાણે દર્દ અને વેદના એટલે ગઝલ, ત્યારે હું શાળામાં હતો ૧૯૮૩-૮૪ નો સમય. ત્યારબાદ કોલેજના પ્રથમ વર્ષમાં ૧૯૯૩ની આસપાસ મારા મિત્ર સીમીત મહેતાએ ગુજરાતી ગઝલની એક કેસેટ આપી રજૂઆત શોભિત દેસાઈની રચના 'રૂપ કેફી હતું આંખો ઘેરી હતી' ને ત્યાં ગુલાબી ગઝલની ઓળખ થઈ.

૧૯૯૩થી ૧૯૯૮ માત્ર હાઈકુ લખ્યા. ૧૯૯૮થી zazi.com ની શરૂઆત કર્યાની સાથે અછાંદસ, અંત્યાનુપ્રાસ જેવી રચનાઓ થઈ જે ગઝલની આસપાસ પણ નહોતી.

૨૦૧૦ના મધ્યમાં ગઝલના છંદનો અભ્યાસ શરૂ કર્યો. ઈન્ટરનેટ પર શોધખોળ કરી, હાથ લાગી બઝમે વફા વેબસાઈટ. મુહમ્મદઅલી ભૈડુ 'વફા'એ પોસ્ટ કરેલા છંદના નિયમો તથા રઈશભાઈ ફૂત ગઝલનું છંદોવિધાન અને આગળ જતા પંચમભાઈ શુક્લએ ફેસબૂક પર 'ગઝલ તો હું લખું' ગૃપ વિશે માહિતી આપી અને આ ગૃપ થકી ખાસ તો મગનભાઈ મકવાણા, ડો. જયરાજ દેસાઈ, સંજુભાઈ વાળા, ગૌરાંગભાઈ ઠાકરના માર્ગદર્શન અને યોગેન્દુ જોષી, મુકેશ દવે, મેહુલ ભટ્ટ, ટેરેન્સ જાની જેવા મિત્રોના સાથ અને સહકારથી ગઝલને લખતો અને સમજતો થયો. 'લઈને....અગિયારમી દિશા' એ પહેલો પડાવ છે અને આપ સૌના આશીર્વાદથી ગઝલનો આ કાફલો સતત આગળ વધતો રહે એજ પ્રાર્થના...

ચિરાગ ઝા 'ઝાઝી'
બી-૨, દાદા સાહેબ ફ્લેટ,
દાદા સાહેબના પગલા પાસે,
યુનીર્વસીટી રોડ, નવરંગપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૦૯
મો. ૯૯૯૮૪૧૮૩૯૧

@Gujratimagazines

સમય મારી હયાતીની ઉપેક્ષા ક્યાં સુધી કરશે ?
સતતનો ખેલ સંયમની સમીક્ષા ક્યાં સુધી કરશે ?

મને મળતાં રહે છે અવનવા અનુભવ સબંધોના,
ક્ષણો સરભર પ્રસંગોની નિરીક્ષા ક્યાં સુધી કરશે ?

પહેરેલાં જલાવી દે બધાં 'પણ' 'પણ' તણાં અચકન,
કફન દોરા સિલાઈની અપેક્ષા ક્યાં સુધી કરશે ?

અલગતા આપણી સાબિત કરવા બોલવું પડશે,
જમાનો મૌનના વળની પ્રતીક્ષા ક્યાં સુધી કરશે ?

સમય તારો નથી તારો પરાણે થઈ નથી શકતો,
સમાંતર ચાલવાની તું પરીક્ષા ક્યાં સુધી કરશે?

- ચિરાગ ઝા

@Gujratimagazines

શબ ચાદર રંગારો ખોળ્યાની વાતો થઈ,
અંધક ને ઘર દીવો દાઝ્યાની વાતો થઈ.

રેતીના ઢગલા પર થોડું પાણી રેડ્યું,
જાણે આખો દરિયો ઢોળ્યાની વાતો થઈ.

મૂઠીમાં રૂંધાતા પાંખોનાં સપનાઓ,
ને ફડફડના સંયમ તૂટ્યાની વાતો થઈ.

ઊડીને બેઠું લો અફવાનું ગરજાડું,
તો કૂવાનાં પાણી ખૂટ્યાની વાતો થઈ.

બળબળતાં સગપણનાં ખુલ્લા મેદાનોમાં,
યાદનો ગર ઠૂંઠા સળગ્યાની વાતો થઈ.

ગરજાડું=ગીધ

- ચિરાગ ઝા

@Gujratimagazines

આમ ઓચિંતા અમસ્તા આવવાનું,
ધારણાની લઈ, સહજતા આવવાનું.

એક આલીશાન ભરચક ઓરડો છે !
જો અલગતા છોડી ભળતાં આવવાનું

બંધ દરવાજા, ને ચાવી એજ તડમાં,
ખોલવાની લઈ એ શક્યતા આવવાનું.

હોય માચિસનાં બળેલાં ખોખાં ઠૂંઠાં,
ખુશબો યાદોની, સમજતાં આવવાનું.

થાય તો અનુભવ કરી જો શ્વાસ લઈને,
અંતરસ આવે, અટકતાં આવવાનું.

હોય મનમાં જે ગમે તે લઈ જવાનું,
કાગળો તારા છે, જોતાં આવવાનું.

- ચિરાગ ઝા

@Gujratimagazines

ખરા દિલથી કબૂલાત કરીએ,
નવી કોઈ શરૂઆત કરીએ.

તને મળવું છે મોકો છે ખુદા છે,
નવેસરથી રજૂઆત કરીએ.

નથી મળતું બધું માત્ર હસીને,
સમયસરનો વલોપાત કરીએ.

રસમ પૂરી કરો આજ વિરહની
અલગતાની શબેરાત કરીએ.

બધી બાજુ ચકાસી લો હવાની
પછી સરખો પક્ષોત્પાત કરીએ.

લખી લીટીમાં દેખાય ગઝલ પણ
જે કોરી ત્યાં ખરેખાત કરીએ.

- ચિરાગ ઝા

@Gujratimagazines

દીવાનગી જેને મળી, મારો વલી ઉસ્તાદ છે,
એની સમજદારી સરળ આખી જુદી ઉસ્તાદ છે.

છોડ્યો પછી જો મતલબી ખોટા ખરા સંગાથને,
પરવા નથી કરતો, પછી એની ફરી ઉસ્તાદ છે.

એનું અલગ છે ચાલવું, રસ્તા જુદા ખડકાળ લે,
ચીલો નવો જશે આલમ-ગિરી ઉસ્તાદ છે.

બાળક બની રમતો સદા હડધૂતના તોફાનમાં,
રાખે ખુદા ભગવાન સાથે એ નબી ઉસ્તાદ છે.

તારી અસર હોવાના પુરાવા બધા મળતા રહે,
ખાલી મળે ગજવાં બધાં ખાલી પછી ઉસ્તાદ છે.

છત્રની નથી કોઈ અસર માથે મુગટ કોને ધરે,
માથે કફન 'ઝાઝી' પછી એના થકી ઉસ્તાદ છે.

- ચિરાગ ઝા

@Gujratimagazines

અંતરને બોલવા દે પછી જો શું થાય છે,
આંખોને પૂછવા દે પછી જો શું થાય છે.

શંકાને ઊડવા દે પછી જો શું થાય છે,
સંબંધ તૂટવા દે પછી જો શું થાય છે.

ચાહતને આડે હાથે તમે રાખશો પછી,
યાદોને આવવા દે પછી જો શું થાય છે.

ખોવાયો છું મને છે ખબર એટલી સખી,
તારામાં શોધવા દે પછી જો શું થાય છે.

દરવાજો ખોલવાની નથી જાણી જોઈને
બારી તો ખૂલવા દે પછી જો શું થાય છે.

નાજુક આ નમણી ચાલને જોતો રહું છું બસ,
સાથે તું ચાલવા દે પછી જો શું થાય છે.

મારામાં ખાતરી છે તને પૂરેપૂરી તો,
'ઝાઝી' ચકાસવા દે પછી જો શું થાય છે.

- ચિરાગ ઝા

@Gujratimagazines

હાંફી જવાની વાત લઈ દોડવાનું છે,
પાછું ફરી શકાય તો આવી જવાનું છે.

સાંભળવું છે સરળ, જો તમે સાંભળી શકો,
મારે તો રોજ આજ બધું બોલવાનું છે.

બેઠો છું જે લઈને, એ મારું નથી થયું,
જેનું છે એને શોધી પછી આપવાનું છે.

શું શું નથી ખરીદવા જેવું એ જાણવા,
રવિવારીએ જવાનું, એ પણ શોધવાનું છે.

માણસ છું હું તો તડકો પીને લાલ થઈ ગયો,
ન્હોતી ખબર મને કે કશું રોપવાનું છે.

મોકો મળે ફગાવી દે સામાન પણ જૂનો,
તારું છે તારી જાતે ઘણું ખેંચવાનું છે.

આ એક સાથે છો ને, તે તેર તૂટતા અહીં,
'ઝાઝી'એ કેટકેટલું ત્યાં જોડવાનું છે.

- ચિરાગ ઝા

@Gujratimagazines

હું કોણ ? કોણ જાણે ખબર કોને છે અહીં,
ખોવાયું છે જે એને ક્યાં એ શોધે છે અહીં.

ખખડાય ખોલવા જ બનાવ્યું છે બારણું
તૈયારી તારી છે કે નહીં, જાણે છે અહીં.

સૂફી છે, મસ્ત મૌલા છે, એ મસ્તરામ છે,
અંદર બહાર ક્યાં, એ અલગ માને છે અહીં.

તૈયારી રાખવાની પળે પળની લઈ કફન,
શ્રદ્ધાની એ સફરમાં લઈ ચાલે છે અહીં.

'ઝાઝી'નું માનવું છે એ ક્યાં યાદ રાખે છે,
એ હાથને જરૂર પડે ઝાલે છે અહીં.

- ચિરાગ ઝા

@Gujratimagazines

કેવા કરે સવાલ, હવે થાય તે ખરું,
ખોટા પડે જવાબ, હવે થાય તે ખરું.

તું સાચવીને ચાલ, આ પાલવ અનાડી છે,
જાણી કરી રમાડ, હવે થાય તે ખરું.

છમછમ થયા કરે છે, આ ઝાંઝર નવું નવું,
ટપક્યા કરે શબાબ, હવે થાય તે ખરું.

મંદિર છે સામી બાજુ ને મસ્જિદ છે આ તરફ
પૂજા કરું નમાઝ, હવે થાય તે ખરું.

જોવાની વાત છે કે બધાને ગમે છે તું,
તું તો કરે કમાલ, હવે થાય તે ખરું.

શંકા મને થઈ કે શું પાલવ અડી ગયો ?
અટકી ગયા જનાબ, હવે થાય તે ખરું.

તારી નજરના તીરથી ઘાયલ થયા ઘણા,
એમાં ભળે રુઆબ, હવે થાય તે ખરું.

આપું તને અફાટ, દિલોજાન પ્રેમ હું,
'ઝાઝી' થયા ગુલામ, હવે થાય તે ખરું.

- ચિરાગ ઝા

@Gujratimagazines

એના વિષે ઘણું જાણી ગયો કોને કહું !
એ તો બધા આકારમાં વ્યાપી ગયો કોને કહું !

લોકો તને સમજાવશે એ ત્યાં નથી! એ ત્યાં નથી !
જે હોય છે અંતર મહીં ભૂલી ગયો કોને કહું !

સંભાવના ખોટી લઈ સાબિત ઘણું થઈ જાય છે,
ખોટા ખરા થી પર જે છે, માની ગયો કોને કહું !

માણસ કદી ટોળે વળી એકાંતને શોધી શકે ?
હું મન તણા ઘોંઘાટથી ત્રાસી ગયો કોને કહું !

અચરજ મને એના વિષે છે ક્યારની કોને કહું !
એ કોણ છે 'ઝાઝી' મને સમજી ગયો કોને કહું !

- ચિરાગ ઝા

@Gujaratimagazines

કળા એ મારું કાર્ય ક્ષેત્ર હોવા છતાં પણ સાહિત્યની બાબતમાં હું વાંચન સિવાયની બાબત મેં ક્યારેય વિચાર સુધ્ધા પણ નહોતો કર્યો કે હું તે તરફ વળીશ.....

શાસ્ત્રીય અને સુગમ સંગીત સાંભળવાની રુચિ સાથે સંગીતમય ગઝલો વિશે વિશેષ રુચિ કેળવાય, આવું તો વર્ષો સુધી ચાલ્યુ અને ક્યારે ગઝલ તરફ વળ્યો તે ચોક્કસપણે ખ્યાલ નથી...અને એ કારણથી લખવા તરફ પ્રેરાયો. ઈન્ટરનેટના માધ્યમથી મારા આંતરમનમાં જાગેલા આંદોલન સળવળી ઉઠ્યાં..અને કોઈ દિશા સૂચન વિના કલમ સરકવા લાગી. ઓરકુટ પર જોડાયો, જોડકણા અને તૂકબંધી સિવાય ખાસ કાઈ નહિ, મિત્ર જીગ્નેશ શિરોયાની મૈત્રીએ મને લખવાનું પીઠબળ આપ્યું, આમ લખવા છતાં પ્રાસ-અંત્યાનુપ્રાસથી સંતોષ માની લેતો, ભૂષણ ઠાકર જોડેની મિત્રતાએ મને છંદના ચોકઠામાં ઢાળ આપવા પ્રયત્ન કર્યો અને તેની આ મહેનતથી ભાંગ્યુ તૂટ્યું લખવા લાગ્યો, કવિ મિત્ર વિવેકભાઈનાં સૂચનથી ગઝલનું છંદોવિધાન અને ગઝલ : રૂપ અને રંગ પુસ્તકો વસાવી જાતે મથ્યો ના સમજ પડે તો મિત્રો જોડે ચર્ચા કરતો...અને અચાનક યોગેન્દુ જોષી જોડે મિત્રતા થઈ, છંદ વિશેની સામાન્ય સમજ એકબીજામાં વહેંચતા અને ફેસબૂકના માધ્યમથી 'ગઝલ તો હું લખુ' ગૃપમાં જોડાયો.

આમ છતાં મારી રચનાઓનું સાહિત્ય મૂલ્ય શું એ તો હું નથી જાણતો..'ઉમિયા પરિવાર', 'ફીલિંગ્સ મેગેઝીન', 'મૂતિ' અને 'સબરસ ગુજરાતી' જેવા માધ્યમથી લોકો સુધી પહોચવા કદમ માંડ્યા. નિજાનંદથી વધારે કાંઈ નહિ. મારી જોડેના નામી-અનામી મિત્રોના સાથ અને સહકારની ઉર્જાએ મને લખવાનું જે પ્રેરક બળ આપ્યું તે બધાનો આભારી છું

કાંતિ વાછાણી
૧૦૯, રોયલ ચેમ્બર્સ,
જી.આઈ.ડી.સી. ઓફિસની બાજુમાં,
ચાર રસ્તા, વાપી-૩૯૬ ૧૯૫
ફોન :૦૨૬૦ ૨૪૩૧૮૭૭

@Gujratimagazines

વિચારો સાવ થઈ જશે મલોખા,
જિગરના એ કુરીઅર અનોખા,

ઉઠાવી જાય છે પડદા મુલાયમ,
જુઓ દેખાય છે દૃશ્યો જ નોખાં.

કિનારા એમ ખાલી થાય તો શું ?
જવાના ક્યાં અમે લઈ દાંત બોખા.

ખરે છે એમ જાણે આંગળી થઈ,
નવા શબ્દો બનીને કંકુ ચોખા.

ખયાલી આજ કેવી હોય છે એ,
મળે છે પણ બની ખેરાત ખોખા.

- કાંતિ વાછાણી

@Gujratimagazines

આંખોમાં છલકાશે આંસું,
ડૂમો લૈ વખણાશે આંસું.

દિલના દરવાજે દસ્તક દઈ,
પાંપણમાં પલકાશે આંસું.

શબ્દો મળવા આવે સામે,
ક્યા વાકે પકડાશે આંસું.

પગલાં ભૂસીને તરતાં એ,
નોખાં થૈ બદલાશે આંસું.

તારી ને મારી વચ્ચે આ,
એ કેવા મલકાશે આંસું.

- કાંતિ વાછાણી

@Gujratimagazines

સાંજનો આ નશો કે શમી જાય છે,
તોય કારણ વગર ગમી જાય છે.

રાતના અંધકારે દિવાનો થશે,
આખરે ચેતનાઓ ભમી જાય છે.

વેદનાઓ તમારે જ માથે પડી,
ભીતરે ડાઘ કેવા ખમી જાય છે.

રંગની આ મનોરમ દશાઓ બને,
એ પહેલા લિસોટા ગમી જાય છે.

આથમે કોઈ સોબત અજાણી બની,
લાગભાગે પછી નમી જાય છે.

- કાંતિ વાછાણી

@Gujratimagazines

આંખોમાં આવી ઠંડક આપે એ ગરમાળો,
ઉપવનને આંજી ધખતો રાખે એ ગરમાળો.

તડકો જાણે થીજી ગ્યો એની જાતે દોસ્તો,
દિલને પ્રજાળી પડઘા પાડે એ ગરમાળો.

ભીનાશે યાદોમાં ટહુકાઓ છલકાશે કે,
લ્યો અણધાર્યા સ્મરણ જ પણ લાવે એ ગરમાળો.

સૂના રસ્તે વેરાયો કોનો સ્પર્શ જ ઉજળો,
આજે મોસમ ને લલકારે એ ગરમાળો.

જીવે છે આ ક્ષણ માણી લેવાને ખુશ્બૂ પણ,
તોયે મૃગજળના મોજા લાવે એ ગરમાળો.

- કાંતિ વાછાણી

@Gujratimagazines

સાવ ખાલી જેવું ભીતર જોઈએ,
મૌન બોલે એવું ભીતર જોઈએ.

કોણ આપે ખાતરી એ વાતને,
લાગણી થૈ એવું ભીતર જોઈએ.

આ ઉઘામા પણ હવે ના થાય તો,
જડભરતના જેવું ભીતર જોઈએ.

જીતી ક્ષણના અસ્તને ભૂલાય ના,
છો ને હાર્યા એવું ભીતર જોઈએ.

કમનસીબી કેમ રાખી જીવતરમાં,
સ્નેહ સાંચા જેવું ભીતર જોઈએ.

- કાંતિ વાછાણી

@Gujratimagazines

ચોપાટ છે આ ભાગ્યમાં,
ક્યાં દાવ છે આ ભાગ્યમાં.

જંજાળ ખાલી આવશે,
એ કર્મ છે આ ભાગ્યમાં.

પાસા નથી ફેંક્યા ભલે,
વનવાસ છે આ ભાગ્યમાં.

ના હાથ હું લંબાવું દોસ્ત,
ક્યાં કર્ણ છે આ ભાગ્યમાં.

ક્ષણ બે મળી ત્યાં શોધતા,
લ્યો 'કાન' છે આ ભાગ્યમાં.

- કાંતિ વાછાણી

@Gujratimagazines

આ તમારી યાદના પદચિન્હ આવી જાય છે,
કે પછી મતલબ બનીને કાંઈ માંગી જાય છે.

સળવળી માયા હથેલીમાં હવે લ્યો સ્નેહની,
તો પછી કરતબ કરીને કેમ ભાગી જાય છે.

આ કરામત પાનખરની ટહુકતી પીળાશમાં,
આખરે તો કોઇ મોસમને વટાવી જાય છે.

આ મુલાયમ લાગણીને ક્યાં ભરોસે તોલવી,
તોય જોને ટેવવશ આશા જગાડી જાય છે.

આ જ છે મોભો અમોને ઓરતા લૈ કાળનો,
આખરે તો કોઇ પડછાયો હટાવી જાય છે.

- કાંતિ વાછાણી

@Gujratimagazines

બારના ભાવે ઉઠાવી'તી તને,
જાત આખર મેં ફગાવી'તી તને.

પાનખર આવી અને ગઈ આંખમાં,
ફૂલથી કેવી સજાવી'તી તને.

જુલ્ફોમાં રોજ ઝળકે એમ મેં
જિંદગી અમથી ગુમાવી'તી તને.

કાગળો થોડા પડે લખવા હવે,
કેટલા વખતે છુપાવી'તી તને.

ભીતરે આવી જશે એ લાગણી
ક્યાક વાતોમાં ફસાવી'તી તને.

- કાંતિ વાછાણી

@Gujratimagazines

ઉચાળા ભરીને હવે પાનખર ગઈ,
થયું દર્દ ઋતુને એ સઘળી કસર ગઈ.

વનેવન ખુશીઓ મહેકી અબોલી,
અકારણ રજૂઆત થૈ તો કદર ગઈ.

અજાણે સજાવટ થઈ આંગણે તો,
ભીતરમાં રચાયેલ કૈં એ નજર ગઈ.

ટકોરા કમાડે અવિરત મળે ને,
છતાં જે અચાનક એ વાતે અસર ગઈ.

પળેપળ ટહુકા ભલે દાન લીધા,
અકારણ સમાચારથી તો ખબર ગઈ.

- કાંતિ વાછાણી

@Gujratimagazines

હતા સળગતા તિખારા એ નજરમાં,
પછી ચાંદની કેમ વરસે નજરમાં.

પ્રણય પાંગરે એ સબંધો મળે તો,
પછી ઝાંઝવા કેમ તરસે નજરમાં.

કબૂલી સજા કોઇ ગુનાહ લઈને,
પછી તો કટારી ઘા મળશે નજરમાં.

નિશાની મટી છે તરંગી વમળની,
પછી ખેલતા એ સમાવે નજરમાં.

અધૂરી રહેશે જ ઈચ્છા અજાણી,
પછી કૈ વિચારે જ લડશે નજરમાં.

- કાંતિ વાછાણી

@Gujratimagazines

કળા અને સાહિત્યની બાબતમાં હું ભાગ્યશાળી રહ્યો છું. મારા પિતા મધુકરભાઈ ગુજરાતી છંદમાં સુંદર નકશી-કામ કરી શકે છે. મારા માતા કુસુમબહેન એક શિક્ષક હતા અને તેમનું ગુજરાતી આજેય ઉત્કૃષ્ટ છે. અને કદાચ કવિતા અને ભાષાનો એજ વારસો મને અવારનવાર નવું લખવા પ્રેરતો રહ્યો છે. ૧૯૯૧થી ૯૫ની આસપાસ નિશાળમાં વકૃત્વ સ્પર્ધા વખતે વિષયના સંદર્ભમા શેર જેવું રજૂકરવું એ મારી ખાસિયત મારા શિક્ષકોને આજ સુધી યાદ છે. પણ એ બધામાં ગઝલિયત ક્યાંય દૂર હતી, ઉર્દુ, ગુજરાતી ગઝલ સાંભળીને ઘણીવાર શબ્દો સમજવા પ્રયાસ કરતો. પણ જ્યારે આદીલ સાહેબ સાથે એક મુલાકાત થઈ, અને એ પાંચ મિનિટમાં એમણે આપેલી કાફિયા, રદીફ અને છંદની સમજાવટ મને ગઝલની વધુ નજીક લઈ ગઈ. આ પડાવમાં મને કાંતિભાઈ વાછાણી સાહેબ ઓરકુટ પર મળ્યા અને છંદની સાદી ભાષામાં માહિતી આપી. ૨૦૦૭ ના અંત સુધી છંદ પર પક્કડ જમાવી, પણ પછી પરંપરા, આધુનિકતા, અનુ-આધુનિકતા, ગઝલમાં કાવ્ય-તત્વ અને તેની અનિવાર્યતા, પઠનની શૈલી, સ્વરની સાધ્યતા જેવા પ્રશ્નો ઉદ્‌ભવ્યા. અને ફેસબૂકના માધ્યમથી સંજુભાઈ વાળા, ગૌરાંગભાઈ ઠાકર, પંચમભાઈ શુક્લાનો સહકાર મળ્યો જેમણે મારા પ્રશ્નોનું નિરાકરણ કર્યું.

૨૦૦૯ માં હું અવસર પરિવાર સાથે જોડાયો. તાહા મન્સૂરી, અનીલ ચાવડા, ભાવેશભાઈ ભટ્ટ સાથે મુલાકાત થઈ જેમણે લેખન, પઠનની આગવી અદા સમજાવી. સૌ પ્રથમ એવા તોફાની મુશાયરામાં પઠન કરવાનો લાભ તોફાની ત્રિપુટીએ આપ્યો. જે કદાચ 'લઈને...અગિયારમી દિશા'નું પહેલું ચરણ હતું. જેનો સંપૂર્ણ શ્રેય તોફાની ત્રિપુટી એવા તાહા, સૌરભ અને ચિંતનને જાય છે. તેમ છતાં, 'ફીલિંગ્સ મેગેઝીન' 'સબરસ ગુજરાતી' ને બાદ કરતા મારી રચનાઓ ફેસબૂક પૂરતી જ સીમિત રહી છે.

વિચારોની લાંબી રાતો, એકાંતમાં થતું પઠન અને પરિવારના સભ્યોના સમય સાથે છેડછાડ કરવા છતાં, સતત મારા લેખનને પ્રોત્સાહન આપવા બદલ વાગ્દત્તા ખુશાલી, પુત્ર તત્વ નો ખૂબ આભારી છું.

અંતે મારા માટે રચાયેલો પ્રશ્ન હું આપને પણ પૂછી રહ્યો છું.

"ગાલગા જેટલા માપનો ખ્યાલ છું.
કે ગઝલ વિશ્વની આવતી કાલ છું."

આપના અભિવાદન, વિશ્લેષણ અને સલાહ સૂચનોની રાહ જોતો....

આપનો **યોગેન્દુ જોષી 'યોગ'**

@Gujratimagazines

રોજ ઘર ઘર રમાય તો સારું,
આમ બાળક થવાય તો સારું.

આ ધરાની તરસ વધી ગઈ છે,
વાદળોથી અવાય તો સારું

બાંકડો પણ રૂમાલ રાખે છે,
વૃદ્ધથી ત્યાં રડાય તો સારું.

ભૂલ મારે કબૂલ કરવી છે,
ત્યાં, અહમ જો હણાય તો સારું.

સૂર્ય કિરણો સવાર લઇ આવી,
પણ તમસથી જવાય તો સારું.

- યોગેન્દુ જોષી

@Gujratimagazines

એકડો શૂન્યની આગળ લખી જો,
ફૂલ ઉગશે નવાં, કૂંપળ લખી જો !

કર્મ, સિદ્ધાંતને ઉપદેશ સમજી,
રોજ ખાટ્ટાં કે મીઠાં ફળ લખી જો !

આ ધરાની તરસ છિપાશે, ચોક્કસ,
તુ જરા મેહુલો, વાદળ લખી જો !

મેલ, મેસેજનો વ્હેવાર છોડી,
કામ કર, પ્રેમનો કાગળ લખી જો !

વેદનાની બધી વાતો ગણાવીશ,
એમનું નામ લઈ બાવળ લખી જો !

કોશિશો લાખ કરશો, હારશો ત્યાં,
ફક્ત આરંભમાં નિષ્ફળ લખી જો !

આંખ ચોળ્યા પછી સપના મરે છે,
તો એ ખોલ્યા વગર સૌ પળ લખી જો !

'યોગ', માંગીશ તે મળશે ગઝલમાં,
એટલે મુક્તિ કે સાંકળ લખી જો !

- યોગેન્દુ જોષી

@Gujratimagazines

હવાને સ્પર્શ કરતાં આવડે છે,
બે પાંખો લઈને ઉડતાં આવડે છે.

રહસ્યો, ચાલ જાણીને શું કરું હું,
વગર ઢાલેય લડતાં આવડે છે.

જમાનાને ખબર પડશે જ નૈ ત્યાં,
સજળ આંખેય હસતાં આવડે છે.

લકીરો પર ભરોસો કોણ રાખે,
મને તો ભાગ્ય ઘડતાં આવડે છે.

બધા આકારમાં પાણી ઢળે છે,
એ રીતે રૂપ બદલતાં આવડે છે.

સહજતાથી બધાએ લાભ લીધો,
છતાં પણ દોસ્ત, નમતાં આવડે છે.

તમે પત્થર ગણો, આથી ફરક શું,
મને શિવ ત્યાંય ભજતાં આવડે છે.

ભલે હોડીએ ડૂબાડ્યો હશે પણ,
તણખલુ લઈને તરતાં આવડે છે.

શિખર ઊંચું ને છે કાંટાળો રસ્તો,
ભરીને હામ, ચડતાં આવડે છે.

- યોગેન્દુ જોષી

@Gujratimagazines

હાય રે, એક-ના-એક રસ્તે ચાલવાથી,
શું થશે ? એક-ના-એક રસ્તે ચાલવાથી.

સત્યનો માર્ગ કપરો જ રહેવાનો, છતાં પણ,
જીત છે, એક-ના-એક રસ્તે ચાલવાથી.

સૂર્ય, ધરતી, સિતારાને જોયા બાદ જાણ્યું,
સૌ મળે, એક-ના-એક રસ્તે ચાલવાથી.

સ્હેજ અણસાર, તું આગમનનો આપ અમને,
તો ગમે, એક-ના-એક રસ્તે ચાલવાથી.

યોગ્યતા રાત-દિન ઉચ્ચતમ થઇ જવાની,
ફાવશે, એક-ના-એક રસ્તે ચાલવાથી.

- યોગેન્દુ જોષી

@Gujratimagazines

શબ્દ વાંચી જશે ટેરવાં,
અંધની આંખ છે ટેરવાં.

સ્પર્શના ભાવ સૌ માપશે,
ખૂબ જ્ઞાની હશે ટેરવાં.

એ તિલક પણ કરે છે બધે,
લોહી, સિંદૂર ભરે ટેરવાં.

એક મોતીની જેમ જ સદા,
આંસુઓ સાચવે ટેરવાં.

એ સહજતાથી ખોલી હૃદય,
મૌનને તારવે ટેરવાં.

ભાગ્યરેખાથી મતલબ નથી,
સાવ નોંખા પડે ટેરવાં.

રોજ કી-બોર્ડ પર સ્પર્શ દઈ,
'યોગ' કાવ્યો લખે ટેરવાં.

- યોગેન્દુ જોષી

@Gujratimagazines

પ્રશ્ન આવો ઉદ્‌ભવે છે,
માછલી ક્યાં જઈ રડે છે?

દૂરના એ ઝાંઝવા જળ,
કેમ મૃગલાને છળે છે ?

સાત સાગરના કિનારા,
લાશ કેવી સાચવે છે ?

સાંભળે છે ભીંત, સાચું,
પણ એ વાતો ક્યાં કરે છે ?

સિંહના ગર્જન પછી પણ,
પાંજરું સરકસ ડરે છે ?

સ્પર્શની નાજુક અસર જો,
જળ જે પથ્થર કોતરે છે !

રામ, પ્રેરક શબ્દ બળ છે,
કાર્ય કર સઘળું તરે છે.

આયનો પણ જૂઠ બોલે,
બિંબ જ્યાં ખોટું પડે છે.

'યોગ' દીવા નૈ બગાડે,
જો, ખૂણે ચૂલો ઠરે છે...!!

- યોગેન્દુ જોષી

@Gujratimagazines

એક તારી આહથી ઉકળાટ વ્યાપી જાય છે,
કાળજામાં કેટલો ગભરાટ વ્યાપી જાય છે.

પાંજરામાં કેદ છું, જન્મો-જનમથી એટલે,
આભ સામે જોઇને ફફડાટ વ્યાપી જાય છે.

રક્તને ખેંચાણ છે, સગપણનું ભય પણ ત્યાં જ છે,
ભૂલ એક જ થાય તો, કકળાટ વ્યાપી જાય છે.

દૂર ફરતાં ફરતાં જ્યાં ઘર યાદ આવે, તે પછી,
ગામ, રસ્તો કાપતાં રઘવાટ વ્યાપી જાય છે.

'યોગ' જ્યારે પણ વિચારોમાં તને બોલાવે છે,
કોણ ત્યારે આંસુ થઇ પૂરપાટ વ્યાપી જાય છે.

- યોગેન્દુ જોષી

@Gujratimagazines

શક્ય છે તકદીર આવે,
દ્વાર ખોલો, વીર આવે.

બંધ મુઠ્ઠીમાં છે હિંમત,
છો ને ક્ષણ ગંભીર આવે.

ફૂલ-ચાદર લઇ ઉભો છું,
ક્યાંક ખ્વાજા પીર આવે.

વાત પ્હોંચી ગઈ છે દિલમાં,
ચલ, શુકનની ખીર આવે.

સ્વપ્ન તૂટે, ક્યાંક, ભીતર,
તો જ ખારાં નીર આવે.

દોસ્ત, રાંઝાની ગઝલમાં ,
સો ટકાની હીર આવે.

'યોગ' ઈશની પ્રાર્થના કર,
સૌ દવા અકસીર આવે.

- યોગેન્દુ જોષી

@Gujratimagazines

હોઠ, ગાલ પર એક THOUGHT કહું ,
તારી ચાલ પર એક THOUGHT કહું .

હાસ્યમાં તું ઝંકાર ભર, પછી,
સૂર તાલ પર એક THOUGHT કહું .

આંસુ બુંદ થઇ જ્યાં ઢળ્યું હતું,
એ રૂમાલ પર એક THOUGHT કહું .

તું મને ગમે, આ જવાબ છે,
તો સવાલ પર એક THOUGHT કહું ?

છંદ, કાફિયા ને રદ્દીફ લઇ,
મારા હાલ પર એક THOUGHT કહું ?

જાતિવાદથી જે ચણાય છે,
તે દિવાલ પર એક THOUGHT કહું ?

'યોગ', આગ અંદરની શાંત થઇ,
ચલ, મશાલ પર એક THOUGHT કહું.

- યોગેન્દુ જોષી

@Gujratimagazines

શબ્દો વડે માપીશ તો, હું અનંત છું,
બાકી શરૂ જ્યાંથી થયો, ત્યાં જ અંત છું.

મારી સરળતાનો તમે એક ફાયદો ના લો,
ધારું તો માયા-જાળનો એક તંત છું.

પાણી બની, ઠારી શકું છું બધી તરસ,
તો ક્યાંક લાવાથી વધારે જ્વલંત છું.

કિસ્મતની સામે જોઇને બેસવું નથી,
આથી સતત હું કર્મથી કાર્યવંત છું.

જીવનની એકોએક ક્ષણ માણવી રહી,
છો ને પછી, હું પાનખર છું વસંત છું.

માળો બનાવો, તો સદા એ જ સાચવો,
નાહક ફરજ છોડી, કહો નૈ કે સંત છું.

સૂરજ, સિતારા, ચંદ્ર, પૃથ્વી નથી છતાં,
બ્રહ્માંડરૂપી સત્યનો, આદિ-અંત છું.

- યોગેન્દુ જોષી

@Gujratimagazines

ગઝલે મને બહુ જ લાડકોડથી ઊછેર્યો છે. હા, ક્યારેક એને મને છણકો કર્યો હશે. ઠપકો પણ આપ્યો હશે. અને ત્યારે હું થોડા સમય માટે તેનાથી દૂર થઈ ગયો હોઈશ. પણ છેવટે ગઝલ એ ગઝલ છે.... બહુ અછોવાનાં કરીને રાખી છે. (મોઢે ચઢોવેલી દીકરીની જેમ)

સાહિત્યના સંસ્કાર મને પિતા તરફથી વારસામાં મળેલા. નાનપણથી હું ગદ્ય વાંચવા તરફ વળેલો, નવલકથાઓ ખૂબ વાંચેલી, લાયબ્રેરીમાં આવતાં મેગેઝીનમાં કવિતાઓ વાંચતો અને ત્યારથી ગઝલનામ સંસ્કારોની છાપ મારા અંતરમનમાં પડેલી.

બસ, આ વાંચન અને અમુક મારા શહેરનાં કવિઓની દેખાદેખીમાં હું ભાંગીતૂટી, તર્કવિહિન કવિતા (કવિતા નહિ જોડકણુ) લખતો થયેલો જેમ જેમ વાંચન વધતું ગયું તેમ તેમ કવિતા સાથેનો પરિચય વધતો ગયો. ધોરણ ૧૦ માં પ્રથમ ગઝલ લખેલી.. અને અંતે એ મારી શ્વસન પ્રક્રિયાનો વિકલ્પ બની ગઈ.

મારા ઘડતરમાં પુસ્તકો અને ગુજરાતી સાહિત્યમાં પ્રગટ થતાં મેગેઝિનનો વિશેષ ફાળો છે. તે ઉપરાંત સાહિત્યનાં તમામ મિત્રો, ફેસબૂક અને બુધ સભા (અમદાવાદ) નાં મિત્રો, સાહિત્ય વર્તુળ (હિંમતનગર) નાં વડીલોનો ફાળો પણ નોંધ પાત્ર છે. હિંમતનગરે મને ગઝલ આપી છે અને અમદાવાદમાં આવી તે ચાલતા શીખી છે.

સાહિત્યનાં બધા જ પ્રકારોમાં રુચિ હોવા છતાં કલમથી ફક્ત ગઝલ જ કેમ આવે છે મને ખુદ ને નથી ખબર. ક્યારેક ગઝલથી હું કંટાળી ગયો હોઈશ. અને ત્યારે થોડાક સમય માટે ગઝલથી દૂર પણ થયો છું. ક્યારેક મારી સંવેદના શબ્દમાં ન ઉતારી શકવાને કારણે વિવશ પણ થયો છું. પણ યોગ્ય સમયે તે ગઝલમાં સરળતાથી ઉતરી છે. ક્યારેક એવું નથી બન્યુ કે એકી બેઠકે આખી ગઝલ બની ગઈ હોય. જ્યારે કોઈ એક-બે કલાક કે એક દિવસમાં ગઝલના પાંચ શેર બની ગયાનું કહે તો એ મારા માટે ખૂબ આશ્ચર્યજનક વાત છે.

- અનંત રાઠોડ "અનંત"
હિંમતનગર (સાબરકાંઠા)
મો. ૯૩૭૪૨૭૧૦૯૨

@Gujratimagazines

ઉઘાડે છોગ ફરતી યાદને અટકાવવી પડશે,
ખૂણામાં લઇ જઈને વાત આ સમજાવવી પડશે.

બહુ મોટી થતી એ જાય છે દિવસે ને દિવસે તો,
વ્યથાને કોઈ ઠેકાણે હવે પરણાવવી પડશે.

ઘણી વંઠેલ છે જીદ્દ પવનને દેખવાની છે,
દિવાની વાટ નાછૂટકે ખખડાવવી પડશે.

બતાવો બીક બાવાની છતાં સ્હેજે નથી ડરતી,
હવે ઊંઘે નહીં તો આંખને ફટકારવી પડશે.

વિચારો આપના ઘરમાં પડ્યા છે ઢોલિયો ઢાળી,
બધાને વાટ ઘરની આજ તો પકડાવવી પડશે.

- અનંત રાઠોડ

@Gujratimagazines

કદી પલળી ગયાં છે તો કદી દાઝી ગયેલાં છે,
નથી હું જાણતો કે ટેરવાં કોને અડેલાં છે?

દિવસભર મૂછને વળ દઇ બધે રખડ્યા કરે છે એ,
નમાઈ આંખનાં સપનાં બધાં માથે પડેલાં છે.

ક્યા મોઢે કહે છે તું કે ઘર હમણાં જ ખાલી કર,
ઉદાસી ! યાદ છે ? મેં કેટલા હસ્યા ભરેલા છે ?

તરસના ઝૂંડને હું ઘરવટો આપું તો કઈ રીતે ?
ઘણા વર્ષોથી મારે ત્યાં જ એ મોટા થયેલા છે .

કઈ તરકીબથી ચરણો હું એના ઘર સુધી લઇ જઉં?
બધા રસ્તા નગરમાં ક્યારના હડેં ચઢેલા છે.

- અનંત રાઠોડ

@Gujratimagazines

એ શોધવામાં એક જણ થાકી ગયેલ છે.
છીંડું મુકીને વાડ ક્યાં ચાલી ગયેલ છે?

માથે લીધું છે ઘર પ્રતિબિંબોએ આજ તો,
નક્કી અરીસો કૈંક તો બાફી ગયેલ છે.

એવી રીતે લોકો કરે છે મારી છાનબીન,
જાણે કોઈ મારામાં કૈં દાટી ગયેલ છે.

કંઇ કેટલાયે તપ ઉદાસી એ કર્યા હશે,
વરદાનમાં એથી મને માંગી ગયેલ છે.

તસવીરને જોતી રહી વરસી ગયેલી આંખ,
તસવીરમાંની એક નદી નાસી ગયેલ છે.

- અનંત રાઠોડ

@Gujratimagazines

તું આવશે જરૂર એ સૌ ધારણાનું ખૂન,
આજે કરી દઈશ હું આ બારણાંનું ખૂન.

પાછા વળેલ પગલાંની સાચી હશે ખબર,
કહેતા હતા કે થઈ ગયું છે આંગણાનું ખૂન.

તું જઇ અને કરી દે પ્રથમ કેદ સૂર્યને,
એના પછી કરીશું એ તાપણાનું ખૂન.

મારા સુધીય હું હવે પહોંચી શકીશ નહીં,
અંદરથી રોજ થાય છે મારાપણાનું ખૂન.

- અનંત રાઠોડ

@Gujratimagazines

ઘરમાં બન્યો બનાવ મારી જાણ બ્હાર છે,
સઘળીય આવજાવ મારી જાણ બ્હાર છે.

પૂછ્યા કરી હવાને મેં ઝાકળની બાતમી,
ને ચોતરફ તળાવ મારી જાણ બ્હાર છે.

દરરોજ એ વળાંક પર ઊભી રહે છે આંખ,
શાનો હશે અભાવ મારી જાણ બ્હાર છે.

દ્વિવા કે તોરણો વિશે મે સાંભળ્યું હશે,
પણ ઢોલિયો તો સાવ મારી જાણ બ્હાર છે.

પૂછ્યા કરે છે કોડિયું અજવાસનો મુકામ,
ત્યાં જઇ અને જણાવ મારી જાણ બ્હાર છે.

- અનંત રાઠોડ

@Gujratimagazines

નથી રહ્યો હું વાડનો, મકાનનો નથી રહ્યો,
હું સાંકળે તો છું જ પણ કમાડનો નથી રહ્યો.

દિવો ઉઠાવી અંધકાર શોધવા ગયો હતો,
બસ આ જ લ્હાયમાં હવે ઉજાસનો નથી રહ્યો.

દશે દિશાઓમાં હવે તલાશવો પડે મને,
હું કોઇ એક પંથ કે વળાંકનો નથી રહ્યો.

તરસ મને ગળે લગાવી અંતમાં રડી પડી,
ખબર મળી જ્યાં તટ ઉપર, તળાવનો નથી રહ્યો.

છણ્યો હતો તે કેટલા વિભાગમાં મને 'અનંત',
અસર છે એની કે કોઇ પ્રકારનો નથી રહ્યો.

- અનંત રાઠોડ

@Gujratimagazines

દાટી દીધું છતાં ઘણું જાહેર થઈ ગયું,
ગોપિત હતું એ લાગલું જાહેર થઈ ગયું.

એ તો હતા સ્વભાવે ઝવેરી ખરેખરા,
કહેવા ગયો એથી વધુ જાહેર થઈ ગયું.

આ મૌન ને હવે કહો આપું કઈ સજા,
મેં કંઈ નથી કર્યું રજૂ, જાહેર થઈ ગયું.

હું પગરવો નો અર્થ બધે શોધતો રહ્યો,
પગલા વિશે ઘણું બધું જાહેર થઈ ગયું.

ઉજવી રહ્યા છે આંસુઓ ભેગા મળી પ્રસંગ,
મારું-ઉદાસીનું સગુ જાહેર થઈ ગયું.

- અનંત રાઠોડ

@Gujratimagazines

મારી ભીતરે છતાં મારાથી ગુપ્ત છે,
ચર્ચાર્ય સઘળુ મધ્યમાં કાંઠાથી ગુપ્ત છે.

છે ટેરવા અજાણ અને સોય પણ બધિર,
સંધાય જે ગયું છે એ ટાંકાથી ગુપ્ત છે.

થડની અબોલ ચીસ કુહાડીએ સાંભળી,
પણ ધાર જાણતી બધુ હાથાથી ગુપ્ત છે.

ઉંબર, દીવાલ, દ્વાર બધા મૌન થઇ ગયા,
ખાલીપણું મકાનનું વાડાથી ગુપ્ત છે.

ગૂંજ્યા કરે મહેલમાં પગરવ હજુ 'અનંત',
અંદર પ્રવેશ્યુ કોણ એ ઝાંપાથી ગુપ્ત છે.

- અનંત રાઠોડ

@Gujratimagazines

કોણે કહ્યું ફક્ત હું પાદર સુધી ગયો'તો,
આખું નગર સળગતું ને ઘર સુધી ગયો'તો.

આ સાલ પણ તરસને ત્યાં સિંચવી પડી છે,
હું ઝાંઝવા ભરીને ખેતર સુધી ગયો'તો.

લોહીલુહાણ થઈ ગ્યા મારા બધાય પ્રશ્નો,
એક મૌનના નગરમાં ઉત્તર સુધી ગયો'તો.

સાંકળ ને દ્વાર ખુલ્લા પણ ના શક્યો પ્રવેશી,
હા, એટલું ખરું કે ઉંબર સુધી ગયો'તો.

હા, મે અશક્યતાઓ ફંફોસી જોઇ બધે,
હું શોધમાં નદીની સાગર સુધી ગયો'તો.

- અનંત રાઠોડ

@Gujratimagazines

રહે દરેક શ્વાસમાં જીવંત કોઇ અન્ય છે,
ભીતર નથી પ્રણય, નથી અનંત કોઇ અન્ય છે.

ઉડ્યા કરે નગરમાં એક વાત ભીંતના વિશે,
કે બારીથીય ખૂબ ભાગ્યવંત કોઇ અન્ય છે.

ઉજાશ તો બધો ગયો એના ગયા પછી છતાં,
હજુય ભીતરે જરૂર જ્વલંત કોઇ અન્ય છે.

વ્યથા, ઉદાસી ને તરસ, ત્રણેય લોક છે મળ્યાં,
બતાવ આટલોય ક્યાં શ્રીમંત કોઇ અન્ય છે ?

અખિલ વિશ્વમાં બધે હું વિસ્તર્યો છું તે છતાં,
દશે દિશા અજાણ ને દિગંત કોઇ અન્ય છે.

- અનંત રાઠોડ

@Gujratimagazines

@Gujratimagazine

લઈને...અગિયારમી દિશા (ગઝલસંગ્રહ)

પારુલ ખખ્ખર

મોહસીન મીર

મેહુલ ભટ્ટ

ભાવેશ શાહ

ટેરેન્સ જાની

મેહુલ પટેલ

મગન મકવાણા

ચિરાગ ઝા

કાંતિ વાછાણી

યોગેન્દુ જોષી

અનંત રાઠોડ